RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૭૬● તારીખ: ૨૬-૦૬-૨૦૨૫, ગુરુવાર ● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

## આઝાદીમાં યોગદાન નથી ને બંધારણ વિરુદ્ધ વાતો કરી રહ્યા છે : મલ્લિકાર્જુન ખડગે




દેશમાં આજથી ૫૦ વર્ષ પહેલાં કટોકટી લાદવામાં આવી હતી, ત્યારે આજના દિવસે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજી ચૂંટણી પંચ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, 'મોદી સરકારમાં ચૂંટણી પંચ કઠપૂતળી બની ગયું છે. નરેન્દ્ર મોદી કહે છે કે, હું ચૂંટણી જીતી રહ્યો છું. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો તો ઈડી પાસે કોઈ જવાબ નથી. વર્તમાન સમયમાં ચૂંટણી પંચ મોદી સરકારની કઠપૂતળી બની ગઈ છે.'આ વર્ષે અંતમાં બિહાર વિધાનસભા ચૂંટણી યોજાવાની, ત્યારે ખડગેએ બિહારનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અરે તમે ચૂંટણી જીતી રહ્યા નથી, મશીન જીતી રહી છે. વડાપ્રધાન મોદીએ આજે કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે એક પરિપત્ર જાહેર કર્યું છે. તેમાં કહેવાયું છે કે, કટોકટી વખેત બંધારણ નષ્ટ થઈ ગયું હતું અને અમે બંધારણ પર વિશ્વાસ ઉભો કર્યો છે. તમામ રાજ્યએ બંધારણ હત્યા દિવસ મનાવવો જોઈએ.'કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું કે, 'દેશની આઝાદીમાં જેનું કોઈ યાગદાન નથી, તેઓ બંધારણની વિરુદ્ધમાં વાતો કરી રહ્યા છે. ભાજપ 'બંધારણ બચાવો યાત્રા'થી ગભરાઈ રહી છે. જે લોકો શાસન કરવામાં નિષ્ફળ ગયા છે.

## ગુજરાત પેટા ચૂંટણી પર કેજરીવાલ-ગોપાલ ઈટાલિયાનું નિવેદનઃ 'કોંગ્રેસે AAPને દગો કર્યો.

ગુજરાત પેટા ચૂંટણી પર કેજરીવાલ-ગોપાલ ઈટાલિયાનું નિવેદનઃ 'કોંગ્રેસે AAPને દગો કર્યો'. ગુજરાત અને પંજાબમાં આમ આદમી પાર્ટી (AAP)ને બે વિધાનસભાની બે બેઠકો પર જીત થતાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. જેમાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ગુજરાતમાં કોંગ્રેસ ભાજપનો વિકલ્પ નથી, પણ તેના ખોળામાં બેઠી છે. કોંગ્રેસનું ટોચનું નેતૃત્વ ભાજપ સાથે મળેલુ છે. AAPના



સંયોજકે આરોપ લગાવ્યો કે, ગુજરાતમાં કોંગ્રેસે તેમની પાર્ટીને દગો આપ્યો છે. તેમણે જમાવ્યું કે, બંને પક્ષ વચ્ચે પેટાચૂંટણીને લઈને સમજૂતી થઈ હતી, જેનો કોંગ્રેસે પાલન ન કર્યું.

ગુજરાતની વિસાવદર અને પંજાબની લુધિયાણાની પશ્ચિમ વિધાનસભાની પેટાચૂંટણીમાં AAPને જીત મળી છે, ત્યારે પાર્ટીના બેવડા વિજયની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમમાં કેજરીવાલે સંબોધન આપ્યું હતું.

ગુજરાતમાં કોંગ્રેસ સાથે થયેલી સમજૂતીની વાત કરતાં કેજરીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી બાદ તેમના પાંચ ધારાસભ્ય ભાજપમાં જતા રહ્યા હતા અને AAPના એક ધારાસભ્યે પણ આવું કર્યું હતું.

જેને લઈને બંને પક્ષો વચ્ચે વાતચીત થઈ હતી. કેજરીવાલે કહ્યું કે, 'કોંગ્રેસે કહેલુ કે જે પાંચ બેઠક પર તેમના ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા, તેના પર AAP ચૂંટણી ન લડે અને જે બેઠક પર AAPના ધારાસભ્યે ભાજપમાં જોડાયા તે બેઠક પર કોંગ્રેસ ચૂંટણી નહી લડે.

જ્યારે ગત વર્ષે આ પાંચ બેઠકો પર ચૂંટણી થઈ અને જેમાં AAPએ એકપણ બેઠક પર ચૂંટણી લડી ન હતી. જ્યારે AAPની બેઠક પર આ વર્ષે ચૂંટણી થઈ, જેમાં ભાજપના આદેશ આવવાથી કોંગ્રેસ ચૂંટણી લડવાની ના પાડી શકી નહી. કોંગ્રેસ AAP સાથે દગો કર્યો અને પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

## ટ્રમ્પના બોમ્બથી ઈરાનને નુકસાન નહીં, અમેરિકન રિપોર્ટમાં ખુલાસો.



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન પર કરેલી એરસ્ટ્રાઈકમાં ફોર્ડો, નતાન્ઝ અને ઈસ્ફહાન નામના ત્રણ ઈરાની પરમાણુ સ્થળો સફળતાપૂર્વક નાશ પામ્યા છે. જોકે યુએસ ગુપ્તચર રિપોર્ટ અનુસાર, હવાઈ હુમલાએ ઈરાનની પરમાણુ ક્ષમતાને સંપૂર્ણપણે નાશ કરી ન હતી, ફક્ત થોડા મહિનાઓ માટે તેને ધીમી પાડી દીધી હતી. પરંતુ વ્હાઈટ હાઉસે આ મૂલ્યાંકનને નકારી કાઢ્યું છે.

અમેરિકન રિપોર્ટ મુજબ, અમેરિકા દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓએ ઈરાનની પરમાણુ શસ્ત્રો બનાવવાની ક્ષમતાને સંપૂર્ણપણે નષ્ટ કરી ન હતી, પરંતુ તેની ક્ષમતાને ફક્ત થોડા મહિનાઓ માટે જ પાછળ ધકેલી દીધી હતી.ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાનના પરમાણુ પ્લાન્ટ પર ૧૩,૬૦૭ કિલોના બોમ્બ ફેંકીને પરમાણુ કાર્યક્રમનો નાશ કરવામાં આવ્યો હતો. જોકે, અમેરિકન રિપોર્ટ મુજબ, ઈરાનની મોટાભાગની સુવિધાઓ ભૂગર્ભમાં હતી આથી અમેરિકાના બોમ્બથી વધુ નુકસાન થયું ન હતું. અમેરિકાના હુમલા છતાં, કેટલાક સેન્ટ્રીફ્યુજ હજુ પણ કાર્યરત સ્થિતિમાં છે અને ઈરાનના યુરેનિયમ ભંડાર ખતમ થયા નથી, તે સુરક્ષિત છે.

વ્હાઈટ હાઉસે આ મૂલ્યાંકન રિપોર્ટ ફગાવી દીધો છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'આ કથિત મૂલ્યાંકન લીક થવું એ સ્પષ્ટપણે ડોનાલ્ડ ટ્રમ્પનું અપમાન કરવાનો અને ઈરાનના પરમાણુ કાર્યક્રમને સફળતાપૂર્વક નષ્ટ કરવાના મિશનને પાર પાડનારા બહાદુર પાયલટ્સને બદનામ કરવાનો પ્રયાસ છે. બધા જાણે છે કે જ્યારે તમે લક્ષ્ય પર ૧૩,૬૦૭ કિલોનો બોમ્બ ફેંકો છો ત્યારે શું થાય છે!'

## રાજસ્થાનમાં બંગાળીઓને કસ્ટડીમાં લેતા મમતા ભડક્યા, ભાજપ શાસિત રાજ્યો પર આક્ષેપ

રાજસ્થાનમાં ૪૦૦ બંગાળીઓને કસ્ટડીમાં લેવાતા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પ્રતિક્રિયા આપી છે. તેમણે મંગળવારે (૨૪ જૂન) કહ્યું કે, 'કેટલીક ભાજપ શાસિત રાજ્યોની પોલીસ પશ્ચિમ બંગાળના બંગાળી ભાષી લોકોને ગેરકાયદે બાંગ્લાદેશી અપ્રવાસી ગણાવી કસ્ટડીમાં લઈ રહ્યા છે. અમને માહિતી મળી છે કે, ઈટાહાર (બાંગ્લાદેશની સરહદને અડીને આવેલા ઉત્તર બંગાળના કૂચ બિહાર જિલ્લો)ના ૩૦૦-૪૦૦ લોકોને રાજસ્થાનમાં એક ઘરમાં બળજબરીથી બંધ કરાયા છે. તેઓ બંગાલી ભાષા બોલતા હોવાથી તેઓને બાંગ્લાદેશી ગણાવ્યા છે. જોકે તેઓએ પોતાનો ઓળખપત્ર દેખાડ્યા છે.'


તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજી (CM Mamata Banerjee)એ કહ્યું કે, 'હું રાજસ્થાનમાં બંગાળીઓને થયેલી હેરાનગતીની વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) સુધી પહોંચાડીશ. ભાજપ શાસિત રાજ્યો દ્વારા બંગાળી બોલનારા લોકોને ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ મોકલવામાં આવી રહ્યા છે. ભાજપ શાસિત રાજ્યોમાં પશ્ચિમ બંગાળના વાસ્તવિક નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે.



'બંગાળી બોલવું ગુનો હોય તો, કેન્દ્ર ભાષા પર પ્રતિબંધ લગાવે' તેમણે કહ્યું કે, 'માર્ચ ૧૯૭૧ (પૂર્વ પાકિસ્તાન બાંગ્લદેશ તરીકે અલગ દેશ બન્યો) બાદ બાંગ્લાદેશથી ભારત આવેલો કોઈપણ વ્યક્તિ ભારતીય નાગરિક છે. જો બંગાળી બોલવું ગુનો છે, તો કેન્દ્ર સરકારે તે ભાષા પર પ્રતિબંધ લગાવી દેવો જોઈએ. આ ભાષા રવિન્દ્રનાથ ટાગોર અને સુભાષ ચંદ્ર બોઝ પણ બોલતા હતા. અમારા ત્યાં ૧૫ મિલિયન પ્રવાસી શ્રમિકો છે. અમારા ત્યાં અન્ય રાજ્યના લોકો પણ કામ કરે છે, તો શું તે ગુનો છે? મધ્યપ્રદેશ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં પણ આવી ઘટનાઓ બની છે.

## ચીનએ ૧.૩ સે.મી. ના મચ્છર જેવા ડ્રોન બનાવી યુદ્ધની રીત બદલી

ચીનના વિજ્ઞાનીઓએ લશ્કરી કાર્યવાહી કરી શકે તેવા મચ્છર જેવડાં કદના ટચૂકડાં ડ્રોન વિકસાવ્યા છે. મધ્ય ચીનના હુનાન પ્રાંતમાં આવેલી નેશનલ યુનિવર્સિટી ઓફ ડિફેન્સ ટેકનોલોજી-એનયુડીટી- ખાતે કાર્યરત રોબોટિક્સ લેબોરેટરી દ્વારા આ ડ્રોન વિકસાવવામાં આવ્યા છે તેમ સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અખબારે તેના અહેવાલમાં જણાવ્યું છે. આ મચ્છર ડ્રોનનો પ્રોટોટાઈપ ચીનના સેન્ટ્રલ ટેલિવિઝનની મિલિટરી ચેનલ પર દર્શાવવામાં આવ્યો હતો. એનયુડીટીના સ્ટુડન્ટ લિઆંગ હેશીઆંગે સીસીટીવીને પોતાના હાથમાં રહેલાં મચ્છર ડ્રોનને દર્શાવી જણાવ્યું હતું કે મારા હાથમાં મચ્છરના કદનો રોબોટ છે.આ મિનિએચર રોબોટ યુદ્ધમાં માહિતી એકત્ર કરવાના કામમાં અને ખાસ મિશન પાર પાડવાના કામ માટે બનાવવામાં આવ્યો છે. તેના લઘુ કદ અને અભૂતપૂર્વ ક્ષમતાઓને કારણે તે ઘણાં ઉદ્યોગો અને કામોમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટે સમર્થ છે. મચ્છરના કદના આ રોબોટને બે નાનકડી પાંખો અને



વાળ જેવા પાતળાં ત્રણ પગ છે. આ રોબોટને સ્માર્ટ ફોન દ્વારા નિયંત્રિત કરી શકાય છે. તેની લંબાઈ એક મચ્છર જેટલી એટલે કે આશરે ૧.૩ સેન્ટીમીટર છે. આ ડ્રોનના પાંદડા જેવી પાંખો અને પાતળાં પગ ખાસ લશ્કરી કામગીરી માટે વિકસાવવામાં આવ્યા છે. ત્રણ પાતળાં પગને આધારે આ ડ્રોન હથેળીમાં લેન્ડ થઈ શકે છે.

આ ટચૂકડાં ડ્રોન શહેરોમાં લડવા માટે તથા ઈલેક્ટ્રોનિક સર્વિલિયન્સ માટે ઉત્તમ સાધન પુરવાર થઈ શકે છે. આ ટચૂકડાં ડ્રોનને પારખવા લગભગ અશક્ય હોઈ તે જાસૂસી કામ માટે ઉત્તમ સાધન બની શકે છે. તેના સંચાલન માટે હથેળીમાં સમાઈ જાય તેવડું ઉપકરણ પૂરતું થઈ પડે છે.

## ઈરાન-ઈઝરાયલ સીઝફાયરથી બજારમાં તેજી, સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ ઉછળ્યો.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ શેરબજાર ગેલમાં આવ્યા છે. સેન્સેક્સ અને નિફ્ટી સળંગ બીજા દિવસે આકર્ષક ઉછાળા સાથે બંધ રહ્યા છે. રોકાણકારોની મૂડીમાં રૂ. ૩.૮૮ લાખ કરોડનો વધારો થયો છે. જિઓ-પોલિટિકલ તણાવમાં ઘટતાં ક્રૂડના ભાવમાં પણ ઘટાડો નોંધાયો હતો. જેના લીધે વૈશ્વિક સ્તરે શેરબજાર સુધર્યા હતાં. સેન્સેક્સ આજે ઈન્ટ્રા ડે ૭૬૦.૮ પોઈન્ટ ઉછળ્યા



બાદ અંતે ૭૦૦.૪૦ પોઈન્ટના ઉછાળે ૮૨૭૫૫.૫૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૨૦૦.૪૦ પોઈન્ટ ઉછળી ૨૫૨૪૪.૭૫ પર બંધ રહ્યો હતો. આઈટી, ટેક્નોલોજી ઓટો, ટેલિકોમ, હેલ્થકેર શેર્સમાં આજે તેજી જોવા મળી હતી.

બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૪૧૬૨ શેર પૈકી ૨૮૧૫માં સુધારો અને ૧૨૧૦ શેરમાં ઘટાડો નોંધાયો હતો. આજે ૩૦૩ શેરમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૦૯ શેર પર વીક હાઈ થયા હતાં. જો કે, ૨૧૨ શેરમાં લોઅર સર્કિટ અને ૪૩ શેર વર્ષના તળિયે નોંધાયા હતા. સેક્ટોરલ ઈન્ડેક્સમાં આઈટી ઈન્ડેક્સ ૧.૬૮ ટકા, ટેક્નોલોજી ૧.૬૯ ટકા, ઓટો ૧.૦૦ ટકા, ટેલિકોમ ૧.૪૨ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૨૬ ટકા ઉછાળે બંધ રહ્યો હતો.

શેરબજારમાં સાર્વત્રિક ઉછાળાના માહોલ વચ્ચે આજે સ્મોલકેપ શેર્સમાં આકર્ષક તેજી નોંધાઈ છે. બીએસઈ સ્મોલકેપ ખાતે ટ્રેડેડ કુલ ૯૭૨ શેર પૈકી ૭૯૮ શેર ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા. જ્યારે ૧૭૧ એ રેડઝોનમાં બંધ આપ્યું હતું. સ્મોલકેપમાં અનેક શેર્સ ૨૦ ટકા સુધી ઉછળ્યા હતાં.

## પાકિસ્તાન PM એ ભારત સાથે સંવાદની ઇચ્છા બતાવી

આર્થિક સંકટનો સામનો કરી રહેલા અને પાણી માટે તરફડિયાં મારી રહેલું પાકિસ્તાન ભારત સાથે તમામ મુદ્દે વાતચીત કરવા માંગે છે. થોડા દિવસ પહેલા ભારત-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ થયું હતું, આ દરમિયાન ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનનો હોંશ ઉડાવી દીધા છે. ભારતની આ કાર્યવાહી બાદ પાકિસ્તાન વાતચીત કરવા માટે આજીજી કરી રહ્યું છે. આ મામલે પાકિસ્તાનના વડાપ્રધાને સાઉદી અરેબિયાના યુવરાજને ટેલિફોન વાતચીત કરી કહ્યું કે, અમારી ભારત સાથે વાતચીત કરાવો. પાકિસ્તાનના વડાપ્રધાન સાઉદી પ્રિન્સ સાથે કરી વાતચીતપાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફેસાઉદી અરેરિયાબિયાના પ્રિન્સ મોહમ્મદ બિલ સલમાન સાથે ટેલિફોનીક વાતચીત કરી છે અને ભારત સાથે વાતચીત કરાવવા આજીજી કરી છે.

## તંત્રી લેખ...

# RBI ની નવી પ્રોજેક્ટ ફાઇનાન્સ પોલિસી ગેમ ચેન્જર બની રહી છે

સભ્યોની વર્તમાન કટોકટીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એડવાન્સ ઓટો સેટલમેન્ટની મર્યાદા વધારવામાં આવી

આ જાહેરાત કરતા કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે EPFO એ એડવાન્સ દાવાઓ માટે ઓટો-સેટલમેન્ટ મર્યાદા ૧ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરી છે જેથી EPFO સભ્યો તાત્કાલિક જરૂરિયાતોના સમયે ભંડોળની ઝડપી ઍક્સેસ મેળવી શકે. તેમના મતે એડવાન્સ ઉપાડ મર્યાદામાં વધારાથી લાખો EPF સભ્યોને ફાયદો થશે. એ વાત જાણીતી છે કે EPFO પાસે હાલમાં સાત કરોડથી વધુ સભ્યો છે.

ઓટો ક્લેમ સેટલમેન્ટની વિશેષતા એ છે કે ઓટો સેટલમેન્ટ હેઠળ EPF ફંડમાંથી એડવાન્સ ઉપાડની આ સુવિધા કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન નાણાકીય કટોકટી સામે રક્ષણ આપવા માટે શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આ સુવિધા બીમારી, શિક્ષણ, લગ્ન અને ઘર ખરીદવા જેવા હેતુઓ માટે વિસ્તૃત કરવામાં આવી હતી. ઓટો ક્લેમ સેટલમેન્ટની વિશેષતા એ છે કે આ પ્રક્રિયા કોઈપણ માનવ સંડોવણી વિના ઝડપથી અને પારદર્શક રીતે દાવાઓનું સમાધાન કરે છે.શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૪-૨૫માં EPFOએ ઓટો સેટલમેન્ટ દ્વારા રેકોર્ડ ૨.૩૪ કરોડ દાવાઓનું સમાધાન કર્યું, જે વર્ષ ૨૦૨૩-૨૪ના ૮૯.૫૨ લાખ દાવાઓ કરતાં ૧૬૧ ટકા વધુ છે. જ્યારે ૨૦૨૩-૨૪માં ૩૧ ટકા એડવાન્સ ઉપાડના દાવાઓ ઓટો મોડમાં સેટલ કરવામાં આવ્યા હતા, તે ૨૦૨૪-૨૫માં વધીને ૫૯ ટકા થયા. શ્રમ મંત્રીના જણાવ્યા અનુસાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા અઢી મહિનામાં EPFOએ ઓટો સેટલમેન્ટ દ્વારા ૭૬.૫૨ લાખ દાવાઓનું સમાધાન કર્યું છે, જે અત્યાર સુધીના તમામ એડવાન્સ દાવાઓના ૭૦ ટકા છે.શ્રમ મંત્રીના મતે એડવાન્સ સેટલમેન્ટની ઝડપી ગતિને કારણે આંકડામાં આ વધારો EPFOની તેના સભ્યોને ઝડપી અને અસરકારક સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. EPFમાં થઈ રહેલા સુધારાઓએ માત્ર દાવાઓના સેટલમેન્ટની પ્રક્રિયાને ઝડપી બનાવી નથી, પરંતુ સભ્યોની ફરિયાદોમાં પણ ઘટાડો કર્યો છે.જેના ભાગ રૂપે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)માં ચાલી રહેલા સુધારા પહેલ વચ્ચે, હવે તેના સભ્યોને જરૂર પડ્યે ઓટો સેટલમેન્ટ મોડ હેઠળ તેમના EPF ખાતામાંથી પાંચ લાખ રૂપિયા સુધીની એડવાન્સ રકમ ઉપાડવાની મંજૂરી આપવામાં આવી છે.

# થોરડીમાં સિંહે ૫ વર્ષના બાળકનો શિકાર કર્યો, ફોરેસ્ટ વિભાગે સર્ચ ઓપરેશન શરૂ કર્યું



સાવરકુંડલા તાલુકાના થોરડી અને રાજુલાની બોર્ડર વિસ્તારમાં એક દુખદ ઘટના બની છે. મધ્યપ્રદેશના ખેત મજૂર પરિવાર સાથે રહેતા ૫ વર્ષના બાળક ગુલસિંગ હરિલાલ અજનેરાને સિંહે શિકાર બનાવ્યો છે.

આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જી દીધો છે. સિંહે પરિવાર વચ્ચેથી બાળકને ઉપાડ્યો. મધ્યપ્રદેશના ખેત મજૂર પરિવાર થોરડીની સીમ વિસ્તારમાં રહેતો હતો. રાત્રિના સમયે સિંહે પરિવાર વચ્ચેથી ૫ વર્ષના ગુલસિંગને ઉપાડી લીધો અને ઝાળી જાખરામાં ઢસડી ગયો હતો. આ ઘટનાથી પરિવાર શોકમગ્ન છે. વનવિભાગની તાત્કાલિક કાર્યવાહી.

સિંહે બાળકનો શિકાર કર્યા બાદ વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. શેત્રુંજી ડિવિઝન અને ગીર પૂર્વ ડિવિઝન દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને સિંહને પકડવા માટે મેગા ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. વનવિભાગે સિંહને પકડવા માટે વિશેષ ટીમો ગોઠવી છે અને સમગ્ર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ ઓપરેશનમાં ટ્રેકિંગ, ડ્રોન અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. આ દુર્ઘટનાને કારણે થોરડી અને આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ છે. સ્થાનિક લોકોમાં સિંહના આકસ્મિક હુમલાને લઈને ચિંતાનો માહોલ છે.

વનવિભાગે લોકોને સાવચેત રહેવા અને રાત્રિના સમયે બહાર ન જવા માટે સૂચના આપી છે. મેગા ઓપરેશન પૂર્ણ થયા બાદ સિંહને પકડવા માટે વધુ પગલાં લેવામાં આવશે અને આ વિસ્તારમાં સિંહના પ્રવેશને રોકવા માટે ખાસ આયોજન કરવામાં આવશે.

# યુદ્ધ વચ્ચે ઈઝરાયલમાં રહેતા ગુજરાતીઓની હાલત દયનીય

'ક્યાં મિસાઈલ ત્રાટકે એ જ નક્કી નથી હોતું. અમારી ડાબી-જમણી બાજુએ આવેલાં ગામોમાં પણ મિસાઈલો ત્રાટકી રહી છે. અમને સતત ધડાકા સંભળાઈ રહ્યા છે. આ બંને ગામોની વચ્ચે હું રહું છું. અમારી આજુબાજુનાં બંને ગામ માંડ ૯-૧૦ કિલોમીટરના અંતરે છે. તેના પર થતા હુમલાની તીવ્રતા એવી ભયંકર હોય છે કે ૧૦ કિલોમીટર દૂર ધડાકો થાય તો પણ અહીં અમારી બિલ્ડિંગ આખી ધ્રૂજી ઊઠે છે, એટલે બીક પણ લાગે છે. ગાઝા વખતે પરિસ્થિતિ આટલી ખરાબ નહોતી, એમની પાસે એટલાં શસ્ત્રો નહોતાં, પણ ઈરાન તો ઘણું તાકતવર છે. ઈરાનની મિસાઈલો વધુ નુકસાન કરે છે...'

આ શબ્દો છે ભયંકર યુદ્ધની પરિસ્થિતિમાં અત્યારે ઈઝરાયેલમાં ફસાયેલા ગુજરાતીઓના. ઈરાન ઈઝરાયેલના યુદ્ધમાં બંને દેશ એકબીજા પર સતત મિસાઈલોથી હુમલા કરી રહ્યા છે અને હજારો લોકોના જીવ જઈ રહ્યા છે. અત્યારે આ લખાઈ રહ્યું છે ત્યારે સીઝફાયરની જાહેરાત છતાં બંને દેશ તેનું ઉલ્લંઘન કરીને હુમલા કરી રહ્યા છે. આ કપરી પરિસ્થિતિમાં ઈરાનથી 'ઓપરેશન સિંધુ' કરી બધા ભારતીયોને પરત બોલાવી લેવામાં આવ્યા છે, પણ ઈઝરાયેલમાં હજારો ભારતીયો જેમના તેમ રહે છે. પોરબંદર અને જુનાગઢના બે યુવાનોનો સંપર્ક કર્યો અને ત્યાંની પરિસ્થિતિ વિશે જાણવા મળ્યું હતું.

# ભિલોડા ના પુનઃ વસવાટના ગામ ખીલોડા ગ્રુપ પંચાયતમાં ચુંટાયા



અરવલ્લી જિલ્લા ના ભિલોડા તાલુકામાં આવેલ ખીલોડા ગ્રુપ ગ્રામ પંચાયત ના વોર્ડ નંબર ૨ ના ઉમેદવાર ચૌધરી આંચલબેન સમીરકુમાર ઉમેદવાર ચુંટણીમાં ૨૬ મતથી વિજઈ થવા બદલ ગ્રામ જનોએ ખુબખુબ અભિનંદ પાઠવ્યા છે. અખંડ ભારત

# ખેડા જીલ્લાની ૯૯ ગ્રામ પંચાયતોમાં યોજાયેલી ચુંટણીની મતગણતરી યોજાઈ

ખેડાઃ જીલ્લાની ૯૯ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી અને પેટા ચુંટણી માટે મતદાન યોજાયુ હતું, જેની આજરોજ મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જીલ્લાના દસ મત ગણતરી કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં ૭૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા મત ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારો સાથે સમર્થકો મતગણતરી કેન્દ્રો પર ઉમટી પડ્યા હતા. પરિણામ જાહેર થતાં ખુશી વ્યક્ત કરી વિજેતા ઉમેદવારોને સમર્થકોએ વધાવી લીધા હતા.

# અમદાવાદના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

અમદાવાદમાં વરસાદના કારણે પાણી ભરાવાને કારણે જન જીવન ખોરવાયું છે. સાઉથ બોપલના વિસ્તારમાં આવેલા ફ્લેટની બહાર રસ્તા પર પાણી ભરાતા લોકોને મુશ્કેલીઓ પડી રહી છે.અમદાવાદમાં ગઈ કાલે સાંજથી અલગ અલગ વિસ્તારમાં વરસાદ જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં બોપલ, ઈસ્કોન, સેટેલાઈટ, વસ્ત્રાપુર, નવરંગપુરા, ઈન્કમટેક્સ, નરોડા, કાલુપુર, સારંગપુર સહિત અનેક વિસ્તારોમાં મોડી રાત સુધી વરસાદ જોવા મળ્યો હતો. વરસાદના કારણે સાઉથ બોપલ પાસે આવેલા ગાલા ગ્લોરી ફ્લેટ પાસેના વિસ્તારમાં સામાન્ય પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે.

# ગુજરાતમાં ૮ કલાકમાં ૮૪ તાલુકામાં વરસાદ, નર્મદાના સાગબારામાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ ખાબક્યો

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૧ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર વધ્યુ છે, ત્યારે બુધવારે (૨૫ જૂન) રાજયના ૮૪ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ નર્મદાના સાગબારામાં ૫.૦૪ ઈંચ અને વડોદરાના પાદરામાં બે કલાકમાં ૨.૩૬ ઈંચ વરસાદ નોંધાયો છે. ૫૯ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ પડ્યો છે.

રાજ્યમાં આજે બુધવારે સવારના ૬ થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૮૪ તાલુકામાં વરસાદ પડ્યો છે. જેમાં સુરતના ઉમરપાડામાં ૪.૮ ઈંચ, તાપીના કુકરમુંડામાં ૪.૨૯ ઈંચ, નર્મદાના ડેડિયાપાડામાં ૪.૨૧ ઈંચ, મહીસાગરના લુણાવાડામાં ૩.૮૩ ઈંચ, તાપીના વ્યારામાં ૩.૫ ઈંચ, ડાંગના વઘઈમાં ૨.૫૬ ઈંચ, વડોદરાના પાદરા અને દાહોદના ફતેપુરામાં ૨.૩૬-૨.૩૬ ઈંચ, સુરતના કામરેજમાં ૨.૨ ઈંચ, નવસારીના વાંસદા અને મહીસાગરના સંતરામપુરમાં ૨.૦૯-૨.૦૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે અન્ય ૭૧ જેટલા તાલુકામાં ૧થી ૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

# કુદરતની દેણ છે એજ શ્રેષ્ઠતમ્ સત્યતા સમજવી, પ્રાગટય,પ્રકોપ કે ઉપકાર બધું આખરે પ્રકૃતિ એટલે કે નેચર જ સમાવી શકે છે,!!!

(અંક નંબર ૩૭૭)

જો દરિયાનું પાણી દારૂ હોત,
તો કલ્પના કરો કે તે કેટલી અરાજકતા પેદા કરી હોત,
જો વાસ્તવિકતા સપનાં જેવી હોત,
તો કલ્પના કરો કે તે કેટલી અરાજકતા પેદા કરી હોત...

કોઈના હૃદયમાં શું છુપાયેલું છે તે ફક્ત ભગવાન જ જાણે છે, જો હૃદય ખુલ્લું પડ્યું હોત,
તો કલ્પના કરો કે કેટલી અરાજકતા સર્જાઈ હોત...

મૌન કોઈના સ્વભાવમાં હશે, તેથી જ તેઓ વર્ષો સુધી લોકો સાથે જોડાયેલા રહ્યા,
જો એમના મોંમાં પણ જવાબો હોત, તો વિચારો કે કેટલી અરાજકતા સર્જાઈ હોત...

જે સારા હતા પણ લોકોની નજરમાં હંમેશા ખરાબ માનવામાં આવતા હતા.
કલ્પના કરો કે જો એ ખરેખર ખરાબ હોત તો કેટલી અરાજકતા સર્જાઈ હોત...

કુદરત કરે એ કોઈના કરી શકે અને કોઈનુંય કરેલું યાવત્ચંદ્રો દિવાકરો હોતું જ નથી.... બીજાની બોલી આપણે સૌ બોલીએ છીએ પરંતુ બોલાવે એ સાંબેલું તો ...સમજવું કુદરતની લીલા અને પ્રકૃતિ નું ખરાપણુ છે....કુદરત સક્ષમ અને શ્રેષ્જ હોય છે.

કુદરત પોતાની સ્વીકૃતિ ના દર્શન કરાવવા પ્રકૃતિ ખીલવે છે અને અસ્વીકૃતિ માટે ઝંઝાવાતી ત્રાડંવ નું નૃત્ય કરે છે!!!! કુદરત કોઈની થઈ નથી અને થશે પણ નહી.. જીવ માત્રનો જન્મ, રચના, જીવન, અને નાશ કુદરતમાં સમાવેશ થવા સાથે જોડાણ ધરાવે છે એજ પ્રકૃતિની દેણ છે.

મિત્રો, વરસાદની મોસમ પુરજોશમાં છે.જ્યાં પડે છે ત્યાં તો જળબંબાકાર કરી મૂકે છે.માનવીનુ મન પણ પ્રકૃતિ ખીલે એટલે તરતજ પ્રકૃતિ એટલે કે નેચરને માણવા સોળેકળાએ ખીલેલાં વિસ્તારો તરફ ખેંચાઈ જાય એ સ્વાભાવિક છે.કારણ આપણે સૌ પ્રકૃતિ ના અંશ છીએ.જોકે નેચર એ માત્ર મુલાકાત નો વિષય નથી પરંતુ સમજણ પુર્વક માણવાનો વિષય છે એટલે તો એને પ્રકૃતિ કહેવામાં આવે છે. પ્રકૃતિને તો પામવી પડે એને દેખાય છે તે રીતે જોઈ ના શકાય, ઠીક છે આપણે બધા જંગલ સફારી અને પર્વતો ઉપર મોજ મજા કરવા માટે, જોવા માટે જતા હોઈએ છીએ પરંતુ કુદરત એ જોવાનો વિષય જ નથી એ માણવા અને અનુભવવા નો વિશેષ વિષય છે.

કેટલીક બાબતો આપણા જીવનને પણ એમાંથી લાગુ પડે છે, જંગલમાં બધા જ પ્રાણીઓ એકલા એકલા રહેતા હોય અને છતાંએ નાના મોટા સૌ મળીને એ જંગલનું સમતોલન એટલે કે બેલેન્સ જાળવે છે. આપણે પણ આ જગતમાં એકલા અને કુદરતના અંશ છીએ તેથી આપણે પણ પ્રકૃતિના અન્ય તમામ સજીવો તથા નિર્જીવો સાથે બેલેન્સ જાળવતા શીખવું પડશે.

પ્રકૃતિ તરફથી પ્રાપ્ત થતી દરેક સહજ તક પાછળ ભાગવું જોઈએ નહી.જેમ સિંહ એ વનનો રાજા ગણાય છે પરંતુ એ પોતાને મળતી દરેક તક એટલે કે દરેક શિકાર પાછળ ભાગતો નથી એ પોતાની જરૂરિયાત પૂરતો શિકાર કરે છે. એ દરેક હરણ કે દરેક પ્રાણીનો મરજી મુજબ શિકાર કરતો નથી.મતલબ કે પોતાની જરૂરિયાત પૂરતી તકનો જ એ લાભ લે છે.એવી જ રીતે જંગલનું વિશાળકાય પ્રાણી હાથી છે એ દોડી શકતું નથી પરંતુ એના દરેક પગલાં સ્થિરતા સાથે માંડતો હોય છે અને યોગ્ય દિશામાં હોય છે એટલે એ ક્યારેય લડખડાતો નથી. આપણે પણ જીવનમાં દરેક પગલાં ખૂબ જ આત્મવિશ્વાસ સાથે સ્ટેબલ રીતે ભરવા જોઈએ, ઘડીકમાં આમ અને ઘડીકમાં તેમ, મર્કટ મનથી મરજી મુજબ ફેરફાર કરીને આપણા રસ્તાઓને અને સાથે સાથે આપણા આત્મવિશ્વાસને લુલો બનાવવો જોઈએ નહીં. આ પ્રકૃતિ માનવને શીખવાડે છે.

જંગલમાં રહેલું જિરાફ હંમેશા ઊંચો ખોરાક પસંદ કરે છે કારણ કે એની ડોક બહુ લાંબી હોય છે. આપણે પણ આપણી બુદ્ધિ પ્રમાણે હંમેશા ઊંચો ધ્યેય રાખવો જોઈએ કારણ કે જો ધ્યેય ઊંચો હશે તો આપણને નીચે રહેલી નાની નાની મુશ્કેલીઓ જેવી કોઈ બાબતો નડશે નહી. બીજા નાના અને નીચા રસ્તાઓ ઉપર આપણું ધ્યાન પણ જશે નહીં કે જે આપણને ક્યારેક વિચલિત કરી દેતા હોય છે, માટે તો કહેવાય છે પ્રકૃતિ આપણને પાઠ શીખવે છે અને એ પાઠ માત્ર અનુભવે જ સમજી શકાય.......

નેચર ક્યારેય ઉતાવળ કરતી નથી પરંતુ એની બધી જ ક્રિયાઓ સમય પ્રમાણે થઈ જતી હોય છે. જેમ કે સૂર્યાસ્ત સૂર્યોદય આ બધું જ સેટ કરેલું હોય છે. વરસાદનું આવવું, ગરમી અને ઠંડીની મોસમ આવવી આના માટે આકસ્મિક રીતે જ પોતાની ઘટનાઓ પ્રકૃતિ ચલાવી રાખતી હોય છે. આપણે પણ ધીરજ રાખતા શીખવું જોઈએ. બધું જ પરમાત્માએ સેટ કરેલું છે તેમ જ બનવાનું છે એ નક્કી સમજવું.....આપણા જીવનમાં જે કંઈ ઘટનાઓ અથવા જે કંઈ બનવાનું છે એ આપોઆપ થવાનું જ છે,માત્ર ધીરજ રાખતા શીખવું જોઈએ. ધીરજ ના ફળ મીઠાં હોય છે એ કહેવત પ્રકૃતિ એટલે કે નેચર દ્વારા મળનાર ફળસ્વરૂપ પરિણામ માટે છે. ખોટી રીતે કરેલી ઉતાવળ ઘણી વાર તક પણ ગુમાવવાનું કારણ બનતી હોય છે.

પ્રકૃતિ આપણને શીખવે છે કે એકબીજા તરફ ટ્રસ્ટ એટલે કે વિશ્વાસ કરતાં શીખો, જેમ પોતાના નસીબનું પોતાને ભાગે જ મળવાનું છે, માટે બધા જ શિકારો હું નહી કરું એવો સંદેશ આપણને સિંહ દ્વારા પ્રાપ્ત થતો હોય છે, સાથે સાથે એ વાત પણ છે કે પાવર એટલે કે શક્તિ એ સમજણનો વિષય હોવો જોઈએ મતલબ કે શક્તિ એ સમજણ સાથે જોડાયેલી હોય એ પણ એટલું જ જરૂરી છે. પ્રકૃતિ રોદ્ર સ્વરૂપ ધારણ કરે તો ભલભલાને તહસ નહસ પણ કરી નાખે છે એ ઝંઝાવાતી બને તો વર્ષોથી અડીખમ ઉભેલા વિશાળકાય વડવાઓને પણ ઉખેડી નાખે છે. નેચર નો ખાસ અને સ્પષ્ટ સંદેશો કુદરતના તમામ તત્વો સાથે વિશ્વાસ કેળવવો.....

ક્યારે પણ જીવનમાં એકલા છો એવું અનુભવશો નહી કારણ કે આ કોસ્મિક વર્લ્ડના આપણે પણ એક અંશ છીએ આપણા માટે પણ કુદરતે કંઈક ને કંઈક નિર્માણ કરેલું જ છે. દરેક તકોને ઝડપી લેવા માટે ખોટી દિશાઓમાં ખોટા પ્રયત્નોમાં દોડાદોડ કરવી જરૂરી નથી હા.ભાગ્યમાં લખાયેલી વસ્તુને પ્રાપ્ત કરવા માટેની મહેનત જરૂરી છે અને એ માટે સાચી દિશા તરફના રસ્તા વિષે શીખવું હોય તો કુદરતનો એટલે કે પ્રકૃતિનો અહેસાસ કરવો જોઈએ, અનુભવ કરવો જોઈએ, માત્ર જોવું, માણવું કે મોજ મજા કરવી એ પ્રકૃતિનો સંદેશો નથી.

જીવો અને જીવવા દો એ પ્રકૃતિનો શ્રેષ્ઠ સંદેશ છે. હું બીજા ઉપર હાવી છું એનો મતલબ એ નથી કે બધાનો જ ઉપયોગ કરો, જરૂરિયાત પૂરતો જ કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ માનવી કરે એ ખૂબ જરૂરી છે અને એ પ્રકૃતિનો પણ સંદેશ છે.

પ્રકૃતિનો એક બીજો પણ સંદેશ છે કે લોકોને જે કહેવું હોય તે કહેવા દો આપણે આપણી ગોઠવાયેલી પદ્ધતિ પ્રમાણે જ આગળ વધવું, જેમકે વરસાદ ન આવે તો લોકો નિશાશા નાખે છે,ભગવાનને પણ ભાંડે છે અને એ જ વરસાદ જો વધુ પડતો આવી જાય તો પણ પાછા એને જશની જગ્યાએ જુતિયા આપે છે...માટે પ્રકૃતિએ જગતને આપેલી ભેટ સ્વરૂપ ઠંડી,ગરમી કે વરસાદની કોઈપણ ઋતુ એના નિયમ પ્રમાણે ગોઠવેલી હોય છે એમ માનવીએ પણ લોકો શું કહેશે એવી ચિંતા સાથે લોકોની વાતોમાં આવી જવાને બદલે પોતાની શ્રેષ્ઠતા અને શુભત્વ વિશે જ સતત જોડાયેલા રહેવું જરૂરી છે.. .. છેલ્લે બધા જ કહે છે કે કુદરતને ઘરે દેર છે પણ અંધેર નહીં માટે માનસિકતા અન્યને પછાડવા કે નડવા માટે ની નહીં પરંતુ જગાડવા અને ઉભા કરવા માટે રાખવી એ કુદરતનો અમુલ્ય સંદેશો છે...નાનકડા બીજ કે છોડ ને પણ પ્રકૃતિ તક આપે છે.... રામે... રામ

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# ગુજરાત પંચાયતમાં વેવાણમાં ૧૦ વર્ષની પેનલ હારી ભાઈએ ભાઈને હરાવ્યો 3 ગામે ચિઠ્ઠીથી સરપંચ પસંદ



ગુજરાતની ગ્રામ પંચાયતો માટે ૨૨ જૂને યોજાયેલી ચૂંટણીઓનું આજે પરિણામ છે. સવારથી ૯ વાગ્યાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી શરૂ થઈ છે. સરપંચ પદના ઉમેદવાર અને વોર્ડના સભ્યોની જીતની ઠેર ઠેર ઢોલ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જીતની ખુશીમાં ભાવુક દશ્યો પણ સર્જાયા છે. જીતનું ખુશીમાં સમર્થકો અબીલ-ગુલાલ અને નોટો ઉડાવી રહી છે.

ગુજરાતની ગ્રામ પંચાયતો

માટે ૨૨ જૂને યોજાયેલી ચૂંટણીઓનું આજે પરિણામ છે. સવારથી ૯ વાગ્યાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી શરૂ થઈ છે. સરપંચ પદના ઉમેદવાર અને વોર્ડના સભ્યોની જીતની ઠેર ઠેર ઢોલ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. જીતની ખુશીમાં ભાવુક દશ્યો પણ સર્જાયા છે. જીતનું ખુશીમાં સમર્થકો અબીલ-ગુલાલ અને નોટો ઉડાવી રહી છે.

# નિકોલમાં ડમ્પરનો ભીષણ અકસ્માત મહિલાનું મોત ચાલક ફરાર

અમદાવાદન નિકોલમાં સાંજના સમયે ડમ્પર અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ડમ્પર ચાલકે મહિલા એક્ટિવા ચાલકને ટક્કર મારી હતી, જે બાદ મહિલા અને તેના એક્ટિવાને ૨૦ ફૂટ સુધી ઢસળ્યા હતા. આ અકસ્માતમાં મહિલાનું ઘટનાસ્થળ પર જ મોત થયું છે. આ અકસ્માત બાદ ડમ્પરચાલક ફરાર થઈ ગયો છે. આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે હાલ આ ઘટના અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અકસ્માત બાદ ડમ્પર ચાલક ડમ્પર મૂકીને ફરાર

નરોડામાં રહેતા સીમાબેન(૪૬ વર્ષ) મંગળવારે સાંજે ૭ વાગ્યા આસપાસ એક્ટિવા લઈ નિકોલ દેવસ્ય સ્ટેટ્સથી રસપાન સર્કલ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ભક્તિ સર્કલ તરફથી આવી રહેલા ડમ્પરે મહિલાને અડફેટે લીધા હતા, જેના કારણે મહિલા એક્ટિવા પરથી નીચે પટકાયા હતા. મહિલાના પડી ગયા બાદ ડમ્પરચાલકે મહિલા અને એકટીવાને ૨૦ ફૂટ દૂર સુધી ઢસળ્યા હતા. અકસ્માત બાદ ડમ્પર ચાલક ડમ્પર મૂકીને નાસી ગયો હતો.

# ઈમરજન્સીના ૫૦ વર્ષઃ PM એ કહ્યું કોંગ્રેસે લોકતંત્ર કેદ કર્યું ખડગેનો જવાબ પોતાના જુઠ્ઠાણા છુપાવવા ડોળ કરે છે

આજે ઈમરજન્સીના ૫૦ વર્ષ પૂર્ણ થવા પર પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, આ ભારતના લોકશાહી ઈતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંનો એક છે.



ભારતના લોકો આ દિવસને બંધારણ હત્યા દિવસ તરીકે ઉજવે છે.આ દિવસે ભારતીય બંધારણના મૂલ્યોને બાજુ પર રાખવામાં આવ્યા હતા, મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા, પ્રેસની સ્વતંત્રતા દબાવવામાં આવી હતી. ઘણા રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

બીજી તરફ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, આજે તેમની પાસે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, આર્થિક સંકટનો કોઈ જવાબ નથી. કાળું નાણું પાછું લાવવાની વાત થઈ રહી હતી, તે ક્યાં છે? આ લોકો આજે પોતાના જુઠ્ઠાણા છુપાવવા માટે નાટક કરી રહ્યા છે અને બંધારણ હત્યા દિવસની ઉજવણી કરી રહ્યા છે.૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં ઈમરજન્સી જાહેર કરી હતી. તે ૨૧ માર્ચ ૧૯૭૭ (૨૧ મહિના) સુધી અમલમાં રહી.

# કટોકટીના ૫૦ વર્ષે ભાવનગરમાં સંવિધાન હત્યા દિવસ ઉજવાયો



ભાવનગરમાં ૨૫ જૂન, ૧૯૭૫ની કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યશવંતરાય નાટ્યગૃહ ખાતે સંવિધાન હત્યા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની અધ્યક્ષતા ધારાસભ્ય જીતુભા વાઘાણીએ કરી હતી.વાઘાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં આંતરિક કટોકટી લાદવામાં આવી હતી. તત્કાલીન સરકારે કાયદાનો દુરુપયોગ કરીને હજારો લોકોને જેલમાં પૂર્યા હતા. આ લોકોમાં સામાજિક કાર્યકરો, લોકનેતાઓ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થતો હતો.કાર્યક્રમમાં મેયર ભરતભાઈ બારડ અને ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું. જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમારે સૌનું સ્વાગત કર્યું. કટોકટી દરમિયાન જેલવાસ ભોગવનાર મીસાવાસીઓનું પુષ્પગુચ્છ અને શાલ આપીને સન્માન કરાયું.

મીસા (મેઈન્ટેનન્સ ઑફ ઈન્ટર્નલ સિક્યુરિટી એક્ટ) ૧૯૭૧માં ભારતમાં લાગુ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર ટાઉન હોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. જેનું જીવંત પ્રસારણ નાગરિકોએ નિહાળ્યુ હતું.

# નવસારીમાં વરસાદથી ૧૨ રસ્તા બંધ



નવસારી જિલ્લા પંચાયત હેઠળ આવતા ૧૨ જેટલા રસ્તાઓને પાણી ભરાવાને કારણે બંધ કરવામાં આવ્યા છે. ઉપરવાસમાં થયેલા વરસાદને કારણે જિલ્લા વહીવટી તંત્રએ આ નિર્ણય લીધો છે.ગ્રામ્ય વિસ્તારના લોકોને શહેરમાં આવવા માટે લાંબો ચક્કર લેવો પડી રહ્યો છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અન્ડરપાસમાં પણ પાણી ભરાઈ જતાં તેને પણ બંધ કરવામાં આવ્યા છે.હવામાન વિભાગની આગાહી મુજબ નવસારી તાલુકામાં વરસાદ નહીવત છે.

# ૧૧ રાજ્યની પોલીસને દોડતી કરનાર યુવતી ઝડપાઈ



ગુજરાત સહિત દેશના અલગ અલગ રાજ્યોમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકીઓ આપનાર યુવતી રેની જોશીલ્ડાને ગુજરાત પોલીસે ચેન્નઈથી ઝડપી પાડી છે. એક તરફી પ્રેમમાં પાગલ આ યુવતી સાથે યુવકે લગ્ન કરતા તેની સાથે બદલો લેવા માટે તેના નામથી બ્લાસ્ટની ધમકીભર્યા ઈમેઈલ કરી ગુજરાત સહિત ૧૧ રાજ્યોની પોલીસને દોડતી કરી હતી. રેની જોશીલ્ડાએ ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક એન્જિનિયરીંગ કર્યું છે.આ ઉપરાંત અલગ અલગ આઠ સર્ટિફિકેટ્સ પણ ધરાવે છે. તે હાલ ડેલોઈટ કંપનીમાં કન્સલટન્ટ તરીકે કાર્યરત છે.અમદાવાદ પોલીસનું માનીએ તો, રેની જોશીલ્ડા જે મેઈલ કરતી હતી તેમાં ખૂબ જ કાળજી રાખતી હતી જેથી તેના સુધી પહોંચવું પોલીસ માટે મુશ્કેલ હતું. પરંતુ, તેને એક જ ડિવાઈસથી પોતાનું ઓરિજિનલ અને ફેક ઈમેઈલ આઈડી લોગઈન કરતા તેનો ભાંડો ફૂટી ગયો હોવાનું સામે આવ્યું છે.

# શુભાંશુ શુક્લા મે મહિનામાં સ્પેસ સ્ટેશન જઈ શકે છે

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા મે મહિનામાં એક્સિઓમ મિશન ૪ હેઠળ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જઈ શકે છે. આ મિશનમાં, ચાર દેશોના ચાર અવકાશયાત્રીઓ ૧૪ દિવસ માટે સ્પેસ સ્ટેશન પર જવાના છે. યુએસ સ્પેસ એજન્સી નાસાએ એક અપડેટમાં આ માહિતી જણાવી છે.



નાસા અને ઈસરો વચ્ચેના કરાર હેઠળ, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને આ મિશન માટે પસંદ કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ ઈન્ડિયન એરફોર્સમાં અધિકારી છે. શુભાંશુ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય અને અવકાશમાં જનાર બીજા ભારતીય બનશે. આ પહેલા રાકેશ શર્માએ ૧૯૮૪માં સોવિયેત યુનિયનના અવકાશયાનમાં અંતરિક્ષની યાત્રા કરી હતી.ચાર દેશોના ચાર અવકાશયાત્રીઓ સ્પેસ સ્ટેશન જશે એક્સિઓમ ૪ મિશનના ક્રૂમાં ભારત, પોલેન્ડ અને હંગેરીના સભ્યોનો સમાવેશ થાય છે.શુભાંશુ શુક્લા ૧૯૫૪ પછી અવકાશમાં જનાર ભારતના બીજા અવકાશયાત્રી બનશે.૧૯૭૮ પછી સ્લાવોજ ઉઝનાન્સ્કી પોલેન્ડના અવકાશમાં જનારા બીજા અવકાશયાત્રી હશે.ટિબોર કાપુ ૧૯૮૦ બાદ અવકાશમાં જનાર બીજા હંગેરિયન અવકાશયાત્રી હશે.અમેરિકન પેગી વ્હિટસનનું આ બીજું કોમર્શિયલ હ્યુમન સ્પેસ ફ્લાઈટ મિશન છે.શુભાંશુ મિશન પાઈલટ, સ્લેવોજ અને ટિબોર મિશન નિષ્ણાતો હશે. વ્હીટસન કમાન્ડર હશે.

# અભિનંદનને પકડનાર પાકિસ્તાની અધિકારી તાલિબાન હુમલામાં ઠાર થયો



Pakistan Army Officer Killed in TTP Attack: વર્ષ ૨૦૧૯માં બાલાકોટ હવાઈ હુમલા દરમિયાન ભારતીય વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનને પકડનાર પાકિસ્તાની અધિકારીનું અવસાન થયું છે. પાકિસ્તાની તાલિબાનના હુમલામાં મેજર મોઈઝ અબ્બાસ શાહનું મૃત્યુ દક્ષિણ વઝીરિસ્તાનના સરૌધામાં ટીટીપી (તહરીક-એ-તાલિબાન-પાકિસ્તાન) દ્વારા કરવામાં આવેલા હુમલામાં થયું હોવાના અહેવાલ છે. બુધવારે પાકિસ્તાની સંસદમાં મેજર શાહને આપવામાં આવી શ્રદ્ધાંજલિ

મેજર શાહ વિંગ કમાન્ડર વર્ધમાનને પકડ્યા પછી ચર્ચામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશન્સે એક નિવેદન બહાર પાડ્યું હતું કે, '૨૪ જૂન ૨૦૨૫ ના રોજ, સુરક્ષા દળોએ દક્ષિણ વઝીરિસ્તાન જિલ્લાના સરૌધા વિસ્તારમાં એક ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં મેજર મોઈઝ અબ્બાસ શાહ અને લાન્સ નાયક જિબ્રાન માર્યા ગયા હતા. તેમજ પાકિસ્તાની સેનાએ ૧૧ TTPના સભ્યોનું એન્કાઉન્ટર કર્યું હતું. બુધવારે પાકિસ્તાની સંસદમાં પણ મેજર શાહને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેઓ પાકિસ્તાનના ચકવાલના રહેવાસી હતા અને SSG એટલે કે સ્પેશિયલ સર્વિસ ગ્રુપનો ભાગ હતા.

બાલાકોટ એરસ્ટ્રાઈક ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ જ્યારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ CRPFના કાફલાને નિશાન બનાવ્યો, ત્યારે આ હુમલામાં ૪૦ CRPF જવાનો શહીદ થયા.આના જવાબમાં, ભારતે ૨૬ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાનના બાલાકોટમાં JeM ના આતંકવાદી કેમ્પ પર હવાઈ હુમલો કર્યો. તેને ભારતમાં બાલાકોટ એરસ્ટ્રાઈક તરીકે ઓળખવામાં આવે છે. આ હુમલામાં જૈશના ઘણા મોટા આતંકવાદીઓ માર્યા ગયા.

# અવકાશમાં પહોંચ્યા પછી શુભાંશુએ કહ્યું What a ride



ખભા પરનો તિરંગો દેશ સાથે જોડાયેલો છે; લોન્ચિંગ સફળ થતાં માતા-પિતા ભાવુક થયાં. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે ૨૫ જૂને એક્સિયમ મિશન ૪ હેઠળ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન માટે રવાના થયા. ટેક્નિકલ મુશ્કેલીઓને કારણે તેમનું મિશન ૬ વખત અગાઉ મુલતવી રાખવામાં આવ્યું હતું. તેમની સાથે ત્રણ અન્ય અવકાશયાત્રી પણ સ્પેસ સ્ટેશન માટે રવાના થયા.અવકાશમાં પહોંચ્યા પછી શુભાંશુએ કહ્યું- What a ride. મારા ખભા પરનો તિરંગો દેશ સાથે જોડાયેલો છે. એ જ સમયે શુભાંશુનાં માતા-પિતા આશા શુક્લા અને શંભુ દયાળ શુક્લા લોન્ચિંગ સફળ થતાં ભાવુક થઈ ગયાં. તેમણે તેમના પુત્રની સફળતા પર તાળીઓ પાડીને ખુશી વ્યક્ત કરી.

# પેટાચૂંટણી બાદ કોંગ્રેસમાં ઘમસાણ લુધિયાણામાં બે નેતાઓએ રાજીનામું આપ્યું

લુધિયાણા પશ્ચિમ વિધાનસભા બેઠક પર થયેલી પેટાચૂંટણીમાં કારમી હાર બાદ કોંગ્રેસમાં જૂથવાદની ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે, પ્રદેશ પ્રમુખે તેને સંપૂર્ણપણે નકારી કાઢ્યું હોવા છતાં પંજાબ કોંગ્રેસમાં બળવાના સૂર સંભળાઈ રહ્યા છે. મંગળવારે પાર્ટીના બે વરિષ્ઠ નેતાઓ પરગટ સિંહ અને કુશલદીપ સિંહ ઢિલ્લોને પંજાબ કોંગ્રેસના ઉપપ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાના રાજીનામા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ અને પંજાબ પ્રભારી ભૂપેશ બઘેલને મોકલી દીધા છે.

# EDના અમદાવાદ સુરત અને મુંબઈમાં દરોડા ૧૦૦ કરોડના સાયબર ફ્રોડનો કેસ




એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)એ આજે સાયબર ફ્રોડ મારફત લોકો સાથે રૂ. ૧૦૦ કરોડથી વધુની છેતરપિંડી મામલે ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ સ્થળો પર દરોડા પાડ્યા હતાં. ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસે આજે વહેલી સવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સાયબર ક્રાઈમના આરોપસર અમદાવાદ અને સુરતમાં જુદી જુદી વ્યક્તિઓની ઓફિસ-નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતાં. આ સિવાય મહારાષ્ટ્રના મુંબઈમાં પણ ઈડીએ કાયદેસરની કાર્યવાહી કરી હોવાના અહેવાલ છે.

# ભાજપના MLA એ કહ્યું ભાગલાના કારણે ૧૦ લાખ લોકોની હત્યા થઇ

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ સત્તા મેળવવા માટે ભારત-પાકિસ્તાનના ભાગલાનો સ્વીકાર કર્યો હતો. રાજકોટ પૂર્વ બેઠકના ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે આજે સંવિધાન હત્યા દિવસની ઉજવણી પ્રસંગે આ વાત કરી કોંગ્રેસ પર આક્ષેપો કર્યા. કાનગડે કહ્યું કે, આપણા દેશના લોકો આઝાદીની વાતથી વાકેફ છે પરંતુ, ભારત-પાકિસ્તાનના ભાગલાના કારણે ૧૦ લાખ લોકોના જીવ ગયા તે વાત દબાવી દેવામાં આવી. કાનગડે સાથે કહ્યું- સરદાર વલ્લભભાઈ પટેલ ભારત-પાકિસ્તાનના ભાગલાના વિરોધમાં હતા. આ મામલે કોંગ્રેસ નેતા ડો. હેમાંગ વસાવડાએ કહ્યું હતું કે, જે આ વાત કરી રહ્યા છે તેને ઈતિહાસની ખબર જ નથી. જેના પૂર્વજોએ ક્યારેય આઝાદીની લડાઈમાં ભાગ લીધો નથી.તેઓને ઈતિહાસની ખબર નથી તો આ પ્રકારની વાત કર્યા રાખે છે.

# કુલ્લુમાં આભ ફાટ્યું, નદી ઉફાણી તંત્રએ એલર્ટ જાહેર કર્યું

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાની સૈંજ ખીણમાં આભ ફાટ્યું છે. ધોધમાર વરસાદના કારણે આસપાસના વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક પ્રશાસનના જણાવ્યા અનુસાર, પાર્વતી નદી ગાંડીતૂર બની છે. જો કે, અત્યારસુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. ભારે વરસાદના કારણે ૨૦થી ૨૫ વાહનોને નુકસાન થયું છે. જનજીવન ખોરવાયું છે. અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા છે.



# સંવિધાન હત્યા દિવસની ઉજવણી : ગાંધીનગરમાં ૨૦૦થી વધુ લોકોએ ડૉ. આંબેડકરની પ્રતિમાથી ટાઉનહોલ સુધી રેલીમાં ભાગ લીધો







ગાંધીનગરમાં ૨૫ જૂનના રોજ 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે વિશેષ રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલી સેન્ટ્રલ વિસ્ટા ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી ટાઉનહોલ સુધી યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર મેહુલ કે. દવેના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રમત-ગમત વિભાગ અને નહેરુ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ રેલીમાં કોલેજના વિદ્યાર્થીઓ, નહેરુ યુવા કેન્દ્રના સભ્યો અને વહીવટી તંત્રના કર્મચારીઓ સહિત ૨૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.આ રેલીનો મુખ્ય હેતુ કટોકટી કાળમાં લોકશાહીના મૂલ્યો માટે સંઘર્ષ કરનારા બંધારણના હિમાયતીઓને યાદ કરવાનો હતો. ભારતના લાખો નાગરિકોએ આઝાદી અને બંધારણને પુનઃસ્થાપિત કરવા જેલવાસ ભોગવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ લડવૈયાઓને અંજલિ આપવા માટે આ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ચાંદીના રથમાં દ્વારકાધીશજીના ઉત્સવ સ્વરૂપની ચાર પરિક્રમા યોજાશે, હજારો ભાવિકો ઉમટશે



યાત્રાધામ દ્વારકાના ભગવાન દ્વારકાધીશજી જગતમંદિરમાં તા.૨૮ જુનને શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી પુષ્ય નક્ષત્ર અનુસાર ભગવાન દ્વારકાધીશજીના બાળ સ્વરૂપની રથયાત્રાનું આયોજન કરાયું છે. અષાઢી બીજના આ પાવન દિવસે દ્વારકાધીશ મંદિરમાં ભગવાન શ્રીજીના બાળ સ્વરૂપને ચાંદીના રથમાં બેસાડીને દ્વારકાધીશ મંદિર પૂજારી પરિવાર દ્વારા દ્વારકાધીશના મુખ્ય ગર્ભગૃહને ફરતે ચાર વખત પરિક્રમા કરાવવામાં આવશે.


જગતમંદિર પરિસરમાં પૂજારી પરિવાર સાથે આયોજિત રથયાત્રા મહોત્સવમાં હજારો ભાવિકો જોડાશે. સ્તંભ સાથે રથ અથડાવી સચરાચર વર્ષાની કામના કરાશે પૂજારી નલીનભાઈ કિશોરચંદ્ર ઠાકર દ્વારા જણાવવામાં આવ્યું કે, દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે પરંપરા મુજબ શ્રીજીના બાળ સ્વરૂપને ગર્ભગૃહમાંથી બહાર લાવીને ભકતો માટે દર્શન ખુલ્લાં મૂકવામાં આવે છે. ભગવાન દ્વારકાધીશને બાળ સ્વરૂપે સફેદ ચાંદીના અશ્વો અને ચાંદીના રથમાં બેસાડીને શ્રીજીને મુખ્ય મંદિરની ફરતે ચાર વખત પરિક્રમા કરવામાં આવે છે. જે અનુસાર રથયાત્રા દરમ્યાન ઠાકોરજીના બાલસ્વરૂપની ચાર પરિક્રમાં જગતમંદિર પરિસરમાં યોજવામાં આવશે.

ભગવાન દ્વારકાધીશના બાળ સ્વરૂપની મુખ્ય મંદિરની ચોથી પરિક્રમા બાદ દ્વારકાધીશના મુખ્ય મંદિરની સામે આવેલાં માતા દેવકીજીના મંદિર પાસે આવેલા સ્તંભ સાથે અથડાવવામાં આવશે. લોકવાયકા મુજબ શ્રીજીના આ રથને આ સ્તંભ સાથે અથડાવાથી આકાશમાં વાદળો બંધાય છે અને દરેક જગ્યાએ સારો વરસાદ વરસે છે. સારા વરસાદથી ઉત્તમ પાક થતાં ખેડૂતો - લોકોના ઘર ધન-ધાન્યથી ભરાય છે તેવી માન્યતા છે.

## વડોદરામાં જાણીતી બ્રાન્ડનો નકલી દારૂ બનાવવાનો કારસો : બોટલો, સ્ટીકરો સાથે મહિલા સહિત ત્રણની ધરપકડ

વડોદરામાં નકલી દારૂ બનાવવાની તેમજ દારૂ માટેની બોટલો તૈયાર કરવાની બે મીની ફેક્ટરી શહેર પોલીસે ઝડપી પાડી એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. આ અંગેની વિગત એવી છે કે શહેરના મધ્યમાં અજબડી મિલ પાસે તેમજ લાલ અખાડા પાસે વારસિયામાં આવેલા બે ગોડાઉનમાં દારૂની ખાલી બોટલો લાવી તેની સાફ સફાઈ કર્યા બાદ તેના ઉપર નવા બ્રાન્ડેડ દારૂની કંપનીના સ્ટીકરો ચોંટાડી આ બોટલોનો જથ્થો બુટલેગરોને વેચવામાં આવે છે. તેવી માહિતીના આધારે શહેર પીસીબીએ બંને ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો.

## યુદ્ધવિરામ બાદ ઈરાનમાં ઈઝરાયલના 'જાસૂસો' સામે તાબડતોબ કાર્યવાહી, ૩ને ફાંસી, ૭૦૦ની ધરપકડ




ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ભલે સીઝફાયર થયુ હોય પણ તણાવ ઓછો થયો નથી. ઈરાને આજે સવારે ત્રણ લોકોને ઈઝરાયલ માટે જાસૂસી કરવા અને હત્યાનું ષડયંત્ર રચવાના આરોપમાં ફાંસીની સજા ફટકારી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈદરીસ અલી, આઝાદ શોજાઈ અને રસૂલ અહમદ રસૂલને હત્યાના ષડયંત્રમાં જરૂરી હથિયારો ઈરાનમાં લાવવાનો પ્રયાસ કરવા બદલ સજા ફટકારવામાં આવી છે. આ મામલે તેમની વિરૂદ્ધ કેસ થયો હતો. આજે સવારે ઉરમિયા શહેરમાં તેમને ફાંસીની સજા આપવામાં આવી હતી.ઈરાનના ઉત્તર-પશ્ચિમ શહેર ઉરમિયાની જેલમાંથી ત્રણેય આરોપીની તસવીરો જાહેર કરવામાં આવી હતી. આ શહેર તુર્કિયેની સરહદ નજીક છે. ઈરાન અવારનવાર ઈઝરાયલ અને અન્ય વિદેશી ગુપ્તચર એજન્સીઓ માટે જાસૂસી કરવાની શંકામાં લોકોની ધરપકડ કરી ફાંસીની સજા ફટકારે છે.ઈરાને છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં ઈઝરાયલ સાથે સંબંધ હોવાના આરોપમાં આશરે ૭૦૦ લોકોની ધરપકડ કરી છે. આ માહિતી ઈરાનની સ્થાનિક મીડિયા એજન્સીએ આપી હતી. આ તમામ પર ઈઝરાયલની ઈન્ટેલિજન્સ એજન્સી મોસાદ સાથે સંબંધ, ગુપ્ત જાણકારી આપવા બદલ, સૈન્ય મથકોને નિશાન બનાવવામાં મદદ કરવાનો આરોપ મૂકાયો છે. તમામની પૂછપરછ થઈ રહી છે. તેમને પણ ફાંસીની સજા ફટકારવામાં આવી શકે છે. ઈરાને ઈઝરાયલ માટે કામ કરનારાઓને પકડવા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલે સવારે ઈરાન અને ઈઝરાયલે છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધ પર સીઝફાયર કર્યું હતું. જો કે, સીઝફાયરની જાહેરાતના થોડા કલાકોમાં જ ઈરાને ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. બીજી તરફ ઈઝરાયલે પણ વળતો જવાબ આપતાં તેહરાનમાં બે એરસ્ટ્રાઈક કરી હતી. બંને દેશો દ્વારા સીઝફાયરનો ભંગ કરાતા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ નારાજ થયા હતાં.

## ૧૦૦૦૦ કરોડનું બજેટ ધરાવતી સુરત પાલિકાનું કૃત્ય, પૂરમાં ફસાયેલા લોકોની મદદ માટે ઢોર પકડવાની ગાડી મોકલી



સુરત મહાનગર પાલિકાનું બજેટ ૧૦ હજાર કરોડને પાર કરી ગયું છે. સુરતનો આ વિકાસ લોકો પાસે વસુલાતા વેરામાંથી થઈ રહ્યો છે. પરંતુ આજે જયારે સુરતીઓ પુરમાં સપડાયા છે ત્યારે આ લોકોની મદદ માટે સુરત પાલિકાએ ઢોર પકડવાના ટ્રેક્ટર મોકલ્યા હતા. લોકોને સોસાયટીમાંથી બહાર રસ્તા પર લઈ જવા માટે જે ટ્રેક્ટર મોકલ્યા હતા તે ઢોર પકડવાના ટ્રેક્ટર હતા તેથી લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. પુર અસરગ્રસ્ત વિસ્તારની આવી સ્થિતિ બાદ લોકોએ શાસકોને ચીમકી આપી કહ્યું છે. હવે તો સુધરો, હાલ તો એક ગોપાલ આવ્યો છે. આવી સ્થિતિ રહી તો આવા સાત-આઠ ગોપાલ બીજા આવી જશે તો તમને ભારે પડશે.

સુરત જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદના કારણે આજે સુરતના ખાડી કિનારાના વિસ્તારમાં ખાડી પુર આવ્યા છે. લોકોના ઘર અને દુકાનોમાં પાણી ભરાયા હોવાથી લોકોને આવવા જવા માટે મુશ્કેલી પડી રહી છે. પુણા, ગોડાદરા, પરવટ ગામ, સરથાણા, વાલક, રઘુકુળ માર્કેટ વિસ્તાર, લિંબાયતના અનેક વિસ્તારોમાં ખાડીના પાણી ઘુસી ગયા છે. સંખ્યાબંધ સોસાયટીમાં ખાડીના પાણી ઘુસી જતા જનજીવન ખોરવાયું છે. આ વિસ્તારમાં ચારથી પાંચ ફૂટ જેટલા પાણીનો ભરાવો થયો છે.

ગઈકાલે સુરતવાસીઓના માથે આકાશમાંથી આફત વરસી હતી તો આજે ખાડીના પાણીની આફત આવી છે. આવી સ્થિતિ છતાં નોકરી ધંધે જવા માટે બહાર નીકળવું જરૂરી હતું. તેથી પાલિકાએ આ લોકોને સોસાયટીની બહાર કે સોસાયટીમાં જવા માટે ટ્રેક્ટરની વ્યવસ્થા કરી હતી. જોકે, પાલિકાએ જે ટ્રેક્ટર મોકલ્યા છે તે ટ્રેક્ટરનો ઉપયોગ પાલિકા રખડતા ઢોરને પકડવા માટે કરી રહી છે. લોકોને ઢોરના ટ્રેક્ટરમાં લાવવા જઈ જવાની વ્યવસ્થા કરતા લોકો રોષે ભરાયા હતા.

આવી સ્થિતિ બાદ લોકોનો ગુસ્સો સાતમા આસમાને છે. લોકો આક્રોશ સાથે ભાજપ શાસકો પર આકરા પ્રકાર કરી રહ્યાં છે. એક સ્થાનિકે જણાવ્યું હતું કે, 'હમ કો તો સુરત મહાનગર પાલિકા નગર સેવકોને લુંટા ગૈરો મેં કહા દમ થા. હમારી કસ્તી વહાં ડૂબી જહાં પાની કમ થા. આ કહેવત આજના સમયે એકદમ બંધ બેસતી થઈ ગઈ છે. સુરત પાલિકા અને નગર સેવકોની કટકીનું સાક્ષી સુરતમાં આવેલા ખાડીપૂર બન્યું છે. છ વર્ષથી માત્ર વચનો આપવામાં આવી રહ્યાં છે આ પહેલા જાપાની કંપની પાસે સર્વે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દર વખતે નવા વચનો આપવામાં આવ્યા છે. અત્યારસુધીમાં ખાડી સફાઇ, પમ્પીંગ સ્ટેશન સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન સફાઈ કરવાના નામે પૈસા ખાઈ ગયા છે

## ઘસાયેલા ટાયરો વડે પ્લેન ટેકઓફ-લેન્ડ કરાવતી એરલાઈન ઝડપાઈ, DGCAની તપાસમાં ખુલાસો



દિલ્હી, મુંબઈ સહિતના દેશના એરપોર્ટ પર એવિએશન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા સુરક્ષાને લઈને સઘન તપાસ કરતી ઓડિટ હાથ ધરવામાં આવી હતી, આ ઓડિટમાં ઘણા જ ચોંકાવનારા ખુલાસા થયા છે. એક એરલાઈન મુસાફરોનો જીવ જોખમમાં મુકીને ઘસાયેલા ટાયરો સાથે ફ્લાઈટનું ટેક ઓફ કરાવી રહી હતી, જેને તાત્કાલિક રોકવામાં આવી હતી. આ સિવાય પણ અનેક ખામીઓ સામે આવી છે.૧૨મી જૂનના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ વિવિધ એરલાઈન્સના ઓડિટમાં આ ખામીઓ સામે આવી છે.

ડીજીસીએએ કહ્યું હતું કે અમદાવાદની ઘટના બાદ ૧૯મી જૂનના રોજ દેશના તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને એવિએશન સેક્ટર સાથે જોડાયેલ તમામ સેવાઓની સ્પેશિયલ સેફ્ટી ઓડિટ કરવાના આદેશ આપ્યા હતા. જે બાદ દિલ્હી અને મુંબઈ સહિત અનેક એરપોર્ટ પર સવારે અને સાંજે તપાસ કરાઈ હતી. જેમાં આ ખામીઓ ઝડપાઈ છે. એરલાઈન્સ, એરપોર્ટના નામ જાહેર કર્યા વગર ડીજીએએએ કહ્યું હતું કે તમામ પ્રકારની તપાસ કરાઈ હતી, કેટલાક એરપોર્ટ પર સામાન લઈ જવા માટેની ટ્રેલીઓ ઉપયોગ ના થઈ શકે તેવી હાલતમાં હતી, કેટલાક સોફ્ટવેર એરક્રાફ્ટના વર્ઝન મુજબ અપડેટ નહોતા કરાયા. એક એરલાઈન્સ ઘસાયેલા ટાયરોનો ઉપયોગ કરતી ઝડપાઈ હતી. જ્યારે મુસાફરોની સેફ્ટી માટેનું સુરક્ષા જેકેટ સીટોની નીચે યોગ્ય રીતે ફિટ નહોતુ કરાયું. એરક્રાફ્ટના વિંગલેટ પર બ્લેડને કાટથી બચાવવા માટે ઉપયોગી ટેપ ખરાબ નીકળી હતી. આવી અનેક ખામીઓ સામે આવ્યા બાદ ડીજીસીએએ એક રિપોર્ટ તૈયાર કર્યોછે.

## પંજાબના પૂર્વ મંત્રી વિક્રમ મજીઠિયા ઝડપાયા વિજિલન્સે સવારે દરોડા પાડી ધરપકડ કરી

શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા અને પંજાબના પૂર્વ મંત્રી વિક્રમ સિંહ મજીઠિયાની અમૃતસર સ્થિત તેમના ગ્રીન એવન્યુ વાળા ઘરેથી ધરપકડ કરી લેવામાં આવી છે. આજે સવારે વિઝિલન્સની ટીમ દરોડા પાડવા પહોંચી હતી. આ દરોડાની કાર્યવાહીના કલાકો બાદ તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ડ્રગ્સની તસ્કરીના મામલે મજીઠિયાના ઘરની તપાસ કરવામાં આવી રહી હતી. ટીમે ઘણા દસ્તાવેજો પણ જપ્ત કર્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આવક કરતાં વધુ સંપત્તિના મામલે તેમની ધરપકડ કરવામાં આવી છે.

મજીઠિયા શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલના સાળા છે. અહેવાલ પ્રમાણે મજીઠિયાને મોહાલી લઈ જવામાં આવ્યા છે. શિરોમણી અકાલી દળના નેતાઓએ મજીઠિયાના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સામાન્ય ઝપાઝપી બાદ તેમને પાછા ધકેલી દેવામાં આવ્યા હતા.

# ભગવાનનો નેત્રોત્સવ ભક્તિભાવના માહોલમાં શ્રદ્ધાપૂર્વક ઉજવાયો

**હર્ષ સંઘવીએ ફૂલોથી સજાવેલી ખુલ્લી જીપમાં રથયાત્રા રૂટનું નિરીક્ષણ કર્યું, ૫૦થી વધુ ગાડીનો કાફલો પણ જોડાયો; ફૂલહાર પહેરાવી સ્વાગત કરાયું**



૨૫ જૂન, બુધવારે ભગવાન સરસપુર મામાના ઘરેથી નિજ મંદિરે પરત ફર્યા છે. ભગવાન મામાના ઘરે પરત ફરતા તેમને આંખો આવી હોવાથી આજે નેત્રોત્સવ વિધિ કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથનો નેત્રોત્સવ અત્યંત ભક્તિમય માહોલમાં સંપન્ન થયો, જ્યાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લાહવો લીધો. મોસાળથી પરત ફર્યા બાદ ભગવાન જગન્નાથને તેમના ગર્ભગૃહમાં આવેલી રત્નવેદી ઉપર ફરીથી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

આ પવિત્ર વિધિ બાદ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ શહેર પોલીસ કમિશનરના ઉચ્ચ અધિકારીઓ સાથે રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. જમાલપુરથી ખમાસા સુધીના રૂટ પર ભયજનક મકાનો અને પોલીસ બંદોબસ્ત અંગે માહિતી મેળવી અને આ દરમિયાન જમાલપુર વૈશ્ય સભા, મુસ્લિમ સમાજના આગેવાનો, શાંતિ સમિતિના સભ્યો, અને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા તેમનું ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું.

# પ્લેન ક્રેશના પીએમ રિપોર્ટમાં ખુલાસો



**ડબ્બામાં કપડાંનાં અવશેષ અને ઘરેણાં સોંપાયા, કોફિન ન ખોલવાની સલાહ આપવામાં આવી.** અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના દેશના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાઈ ગઈ છે. ૨૫૦થી વધુ લોકોને જીવતાં જ ભડથું કરી દેતી દુર્ઘટનાએ અનેક પરિવારને પીખી નાખ્યા છે. પ્લેનમાં સવાર લોકોને જે રીતનું મોત મળ્યું એનાથી આઘાતમાં સરી પડેલાં સ્વજનો હજી ઊભરી શકતા નથી. જીવતા જાગતા લોકોને પળમાં બાળીને કોલસો કરી નાખનાર આ બનાવ કેટલો ખતરનાક હશે એનો ખુલાસો પીએમ રિપોર્ટમાં થયો છે.

પ્લેન ક્રેશમાં મોતને ભેટેલા લોકોના પીએમને મળ્યા છે, જેના અભ્યાસમાં હચમચાવી દેતી વિગતો સામે આવી છે. આ અંગે મૃતકોનાં સ્વજનો સાથે પણ વાત કરી હતી. પ્લેન ક્રેશના મૃતકોનાં પરિવારજનોને તંત્ર દ્વારા મુખ્ય ચાર વસ્તુ સોંપવામાં આવે છે. ૧. કોફિનમાં બંધ ડેડબોડી ૨. મૃતકની વસ્તુઓ કે કપડાંના ટુકડા (જો બચ્યા હોય તો) ૩. મૃત્યુનું પ્રમાણપત્ર ૪. પીએમ રિપોર્ટ.

# છાતીનો દુખાવાનો દર્દી ૩૦ મિનિટે એમ્બ્યુલન્સે પહોંચ્યો, સુરતમાં જીવ જોખમમાં



સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી સોસાયટીઓની બહાર છેલ્લા ત્રણ દિવસથી પાણી ભરાયેલાં રહેતાં સ્થાનિકોની હાલત કફોડી બની છે. ખાસ કરીને વ્રજભૂમિ, ઋષિ વિહાર, સત્યમ શિવમ હાઈટ, નંદનવન, વૃંદાવન અને માધવબાગ સોસાયટીના હજારો રહીશો ખાડીપૂરથી ભારે પરેશાની ભોગવી રહ્યા છે. જ્યારે લિંબાયતમાં આવેલી મીઠી ખાડીમાં હજુ પણ પાણી ભરાયેલાં હોવાને કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ જળબંબાકારની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા બેભાન દર્દીઓ માટે કોઈ ખાસ સુવિધા ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. લિંબાયતમાં રહેમાન નામની એક વ્યક્તિએ છાતીમાં દુખાવાની ફરિયાદ કરતાં તેમને તાત્કાલિક સારવારની જરૂર પડી હતી, જોકે, ફાયર વિભાગ પાસે ઘટનાસ્થળે બોટની સુવિધા ન હોવાથી મુશ્કેલી સર્જાઈ હતી. દર્દીને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં મુશ્કેલી પડી હતી. ૬૫ વર્ષીય રહેમાન ભાઈને સ્મીમેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર ચાલુ છે.

# નાળામાં બાળકી ડૂબી, ઘરોમાં પાણી ભરાયા



**દમણથી મહીસાગર સુધી મેઘતારાજી, ૨૫% વરસાદ, ૭ દિવસની આગાહી.** ગુજરાતમાં મેઘરાજાએ ધબડાટી બોલાવી છે. આજે ૯ જિલ્લામાં ઓરેંજ અને ૧૪ તાલુકામાં યલો અલર્ટ છે. ત્યારે આજે ક્યાં કેટલી તારાજી છે, ગુજરાતમાં ભારે વરસાદના કારણે જેના કારણે અનેક વિસ્તારોમાં તારાજી સર્જાઈ છે. દમણના કેવળી ફળિયા પાસે નાળામાં રમતી બે બાળકીઓ તણાઈ હતી, જેમાં એકનું કરુણ મોત થયું છે. બીજી બાળકીને ફાયર વિભાગની ટીમે બચાવી લીધી. મહીસાગરમાં સતત બીજા દિવસે સાંબેલાધાર વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાયા, લુણાવાડાનું નાની પાલ્લી ગામનું તળાવ ઓવરફ્લો થતા સ્ટેટ હાઈવે બંધ થયો. છોટાઉદેપુરના સૂરખેડામાં સવારે ૪ વાગ્યે કાચા મકાનની દીવાલ પડતા લોકો ભયભીત બન્યા. વડોદરાના ડભોઈ નજીક દેવ અને ઢાઢર નદીના ઉફાનથી ૨૦-૨૫ ઘરોમાં પાણી ઘૂસ્યા, નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે. પંચમહાલમાં કમરડૂબ પાણીમાં એક કાર તણાઈ હતી જેને સ્થાનિકોએ બચાવી લીધી હતી.

# લીમખેડામાં ધોધમાર વરસાદથી કૂવામાં ગંદકી, પંચાયતની ઉદાસીનતા સામે ગ્રામજનો ગુસ્સે.



દાહોદ જિલ્લાના લીમખેડા ગામમાં ધોધમાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કર્યું છે. ચાર ઇંચ વરસાદે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવ્યું, જેનાથી ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. સૌથી ગંભીર સમસ્યા પીવાના પાણીના કૂવામાં ગંદા વરસાદી પાણી ઘૂસી જવાની છે, જેના કારણે લોકો શુદ્ધ પાણી માટે ખાનગી જગ ખરીદવા મજબૂર છે. લીમખેડા ગ્રામ પંચાયતની ઉદાસીનતાએ સમસ્યા વધારી છે, જેના સામે સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો છે. ૧૯૮૨-૮૩માં બનેલો પીવાના પાણીનો કૂવો ૪૨ વર્ષથી જાળવણી વિના ગંદકીનો ભોગ બન્યો છે. વરસાદી પાણી સાથે કચરો, માછલીઓ અને ઝેરી સાપ જેવા જીવજંતુઓ કૂવામાં ઘૂસતાં નળનું પાણી પીવા લાયક નથી. રસ્તાઓ પર પાણી ભરાવાથી ઝેરી જીવજંતુઓનો ભય વધ્યો છે, અને ઘરોમાં પાણી ઘૂસતાં નુકસાન થયું છે. "ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાએ અમને હેરાન કર્યા છે. કૂવામાં ગંદકી ભળતાં અમારે દરરોજ ૬૦ રૂપિયા ખર્ચી પાણી ખરીદવું પડે છે. ગ્રામ પંચાયતને રજૂઆતો કરી, પણ કોઈ પગલું લેવાયું નથી". "રસ્તાઓ પર પાણી અને કૂવામાં ગંદકીથી બીમારીનો ખતરો છે. ગ્રામ પંચાયત નિષ્ક્રિય છે." "૧૫-૨૦ વર્ષથી ગટર વ્યવસ્થાની માંગ કરીએ છીએ. ગઈકાલે પાંચ-છ ફૂટ પાણી ભરાયું, ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું. ગ્રામ પંચાયત અમારી વાત સાંભળતી નથી." ગ્રામ પંચાયતનું લૂલું- તંત્ર નાગરિકોની સમસ્યા હલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. ગંદા પાણીથી રોગ ફેલાય તો જવાબદાર કોણ? સ્થાનિકોની માંગ છે કે કૂવાની સફાઈ, ગટર વ્યવસ્થા અને શુદ્ધ પાણી તાત્કાલિક પૂરું પાડવામાં આવે, નહીં તો આંદોલનની ચેતવણી આપવામાં આવી છે.

# અનરાધાર વરસાદથી મધ્ય અને દ. ગુજરાતમાં પાણી ભરાયા



ગુજરાતમાં ૧૫મી જૂને ચોમાસાનો પ્રવેશ થયા બાદ માત્ર ૧૦ દિવસમાં મેઘરાજાએ રાજ્યને કવર કરી લીધું છે. હવામાન વિભાગે આગામી સપ્તાહ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે દરિયાકાંઠે ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન ૨૬ જિલ્લાના ૧૪૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈંઝ, ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં સૌથી વધુ ૮.૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, નર્મદા જિલ્લાના તિલકવાડા અને દાહોદ તાલુકામાં ૭ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવી, પંચમહાલના શહેરા તેમજ વલસાડના ધરમપુર અને વાપી તાલુકામાં ૬ ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સુરતના બારડોલી તાલુકામાં, મહિસાગરના વિરપુર અને લુણાવાડા, દાહોદના સિંઘવડ, અરવલ્લીના મોડાસા, પંચમહાલના મોરવા-હડફ અને ગોધરા, વલસાડના પારડી, નવસારીના ખેરગામ, તાપીના સોનગઢ અને વ્યારા તાલુકામાં ૫ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. તદુપરાંત નર્મદા જિલ્લાના ગરુડેશ્વર અને ડેડિયાપાડા, દાહોદના લીમખેડા, પંચમહાલના જાંબુઘોડા અને હાલોલ, છોટાઉદેપુરના સંખેડા અને બોડેલી તેમજ સુરતના મહુવા અને ઉમરપાડા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

વધુમાં, રાજ્યના ૭ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૧૬ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૨૫ તાલુકામાં ૧ ઈંચથી વધુ જ્યારે, ૬૭ તાલુકામાં ૧ ઇંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આજે, તા. ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યમાં નર્મદા જિલ્લાના સાગબારા અને તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે.હવામાન વિભાગ દ્વારા સાંજે ૪ વાગ્યા સુધી સમગ્ર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં હળવાથી મધ્યમ વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

# રાજકોટમાં કોરોનાની ઘટતી સ્થિતિ, ૪ નવા કેસ અને ૮ દર્દી રિકવર



રાજકોટ શહેરમાં આજે કોરોનાના ૪ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે, જ્યારે ૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. નવા નોંધાયેલા કેસમાં ૩ મહિલા અને ૧ પુરુષનો સમાવેશ થાય છે. આ સાથે રાજકોટ શહેરની કુલ કોરોના કેસની સંખ્યા ૧૯૫ પર પહોંચી છે. હાલ રાજકોટ શહેરમાં માત્ર ૩૦ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવાર લઈ રહ્યા છે, અને તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જ્યારે જિલ્લામાં આજે માત્ર ૧ નવો કેસ નોંધાતા હવે ૨ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે નોંધાયેલા નવા ૪ કેસમાં શહેરના જુદા જુદા વિસ્તારોનો સમાવેશ થાય છે. આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ૪ નવા કેસ ઉમેરાતા રાજકોટ શહેરમાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧૯૫ પર પહોંચ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે, આજે ૮ દર્દીઓ સ્વસ્થ થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે રાજકોટ શહેરમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. શહેરમાં કોરોનાના કેસ ભલે વધી રહ્યા હોય, પરંતુ મોટાભાગના દર્દીઓ સામાન્ય લક્ષણો ધરાવતા હોવાથી તેમને હોમ આઈસોલેશનમાં સારવાર આપવામાં આવી રહી છે. હાલ રાજકોટ શહેરમાં માત્ર ૩૦ દર્દીઓ જ હોમ આઈસોલેશનમાં છે, જે દર્શાવે છે કે ગંભીર કેસોની સંખ્યા ઘણી ઓછી છે. આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે

# કટોકટીની ૫૦મી વર્ષગાંઠે જૂનાગઢમાં વિરોધ તરીકે તિરંગા યાત્રા અને સંવિધાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા



જૂનાગઢમાં ૨૫ જૂન,૧૯૭૫ની કટોકટીની ૫૦મી વર્ષગાંઠે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.આ દિવસને 'સંવિધાન હત્યા દિવસ'તરીકે મનાવવામાં આવ્યો.કાર્યક્રમની શરૂઆત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેથી તિરંગા યાત્રા સાથે થઈ.શાળાના વિદ્યાર્થીઓ,યુવા કાર્યકરો અને નાગરિકોએ દેશભક્તિના નારા સાથે યાત્રામાં ભાગ લીધો.યાત્રા નગરના મુખ્ય માર્ગો પર નીકળી હતી. બહાઉદ્દીન કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ અને અધિકારીઓએ વૃક્ષોનું વાવેતર કર્યું. લોકોને વિવિધ પ્રકારના છોડનું વિતરણ કરવામાં આવ્યું.આ માધ્યમથી પર્યાવરણ જાગૃતિ સાથે 'સંવિધાન બચાવો'નો સંદેશ આપવામાં આવ્યો.

# આણંદમાં રિક્ષા ચોર ઝડપાયો, ૧૬ ગુનાઓ અને અમદાવાદ-સુરતમાં ચોરી કબૂલી.



આણંદ ટાઉન પોલીસે મંગળપુરા રોડ પરથી એક રીઢા વાહનચોરને ઝડપી પાડ્યો છે. આરોપી મહેબુબખાન આદમખાન પઠાણ (રહે. સુરત) ની ધરપકડ ચોરીની સીએનજી રિક્ષા સાથે કરવામાં આવી છે.૨૨ મે, ૨૦૨૫ના રોજ આણંદની પોસ્ટ ઓફિસ આગળથી GJ-23-AV-0164 નંબરની સીએનજી રિક્ષા ચોરાઈ હતી. પોલીસને બાતમી મળી કે આ રિક્ષા સાથે એક શખ્સ મંગળપુરા રોડ પર સાત ઓરડી તરફ જવાનો છે. પોલીસે વોચ ગોઠવીને આરોપીને ઝડપી લીધો હતો.તપાસમાં બહાર આવ્યું કે આરોપી વિરુદ્ધ ગુજરાતના વિવિધ શહેરોમાં કુલ ૧૬ ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓ સુરત, અમદાવાદ, મહેસાણા, વડોદરા, અંકલેશ્વર અને દાહોદના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા છે.

પૂછપરછમાં આરોપીએ છેલ્લા છ મહિનામાં અમદાવાદની બીએસએનએલ ઓફિસ પાસેથી અને એક મહિના પહેલા સુરતના જૂના સિવિલ રોડ પરથી પણ રિક્ષાઓ ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. પોલીસે આરોપી વિરુદ્ધ આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# જૂનાગઢમાં સિંહણે વાછરડાનું મારણ કર્યું, સીસીટીવીમાં કેદ, લોકોએ સિંહોના ટ્રેકિંગની માગ કરી



જૂનાગઢ શહેરમાં સાવજ હવે મોત બનીને ત્રાટકી રહ્યા છે. ગિરનારના જંગલોમાં વસવાટ કરતા સિંહો હવે માત્ર વનવિસ્તાર સુધી સીમિત રહ્યા નથી. વસવાટ માટે તેઓ હવે શહેરના રહેણાંક વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે. તાજેતરમાં જૂનાગઢના વાણંદ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં અડધી રાતે આવેલી સિંહણે ગાયોના ધણમાં ઘૂસી જતાં દહેશત ફેલાવી દીધી હતી. સિંહણે પળભરમાં એક નિર્દોષ વાછરડાને નિશાન બનાવી તેનો શિકાર કર્યો હતો. સમગ્ર ઘટના સોસાયટીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

મારણની ઘટના CCTVમાં કેદ વીડિયો ફૂટેજ પ્રમાણે, લગભગ રાત્રિના ૧ વાગ્યા આસપાસ આ ઘટના બની હતી. સિંહણ રસ્તા પરથી થોડી છાંયામાં ચાલી રહેલી દેખાઈ છે અને પછી એ ગાયોના ધણ તરફ એકાએક તરાપ મારી રહી છે. ગાયોના ધણમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. પળવારમાં સિંહણે એક નાનકડા વાછરડાંને પકડી લીધો અને રસ્તાની એક બાજુએ ખેંચી ગઈ હતી. સોસાયટીના રહેવાસીઓએ સવારે આ દશ્ય જોઈ તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી.

# ૧૯૭૧ના યુદ્ધમાં ઈરાને ભારત વિરુદ્ધ પાકિસ્તાનની મદદ કરી હતી.



મધ્ય-પૂર્વમાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ભડકેલા યુદ્ધે વિરામ લીધો એ અગાઉ અમેરિકાએ ઈરાનની પરમાણુ સાઈટ્સ પર હવાઈ હુમલા કર્યા હતા, જે બદલ પાકિસ્તાને અમેરિકાની સખત ટીકા કરી હતી. આ એ જ પાકિસ્તાન છે જે હજુ થોડા દિવસો પહેલાં ભારત-પાકિસ્તાન મડાગાંઠમાં 'નિર્ણાયક રાજદ્વારી ભૂમિકા' ભજવવા બદલ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર આપવા માટેની ભલામણ કરી રહ્યું હતું. તળિયા વગરના લોટા જેવા પાકિસ્તાનના આ યુ-ટર્નની વિશ્વભરમાં ચર્ચા ચાલી રહી છે અને અમેરિકા ઈરાનનું દુશ્મન બની બેઠું છે, ત્યારે યાદ આવે છે ઈતિહાસનું એ પ્રકરણ જ્યારે ઈરાન અમેરિકાનું બગલબચ્ચું હતું અને ૧૯૭૧ ના યુદ્ધમાં અમેરિકાના ઈશારે ઈરાને ભારત વિરુદ્ધ પાકિસ્તાનને મદદ કરી હતી.

# પહેલગામથી ડિપોર્ટ કરાયેલી મહિલાને પાછી લાવવાનો હાઈકોર્ટનો આદેશ




ભારતમાંથી પાકિસ્તાન ડિપોર્ટ કરાયેલી એક મહિલાને જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે પરત લાવવા આદેશ આપ્યો છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા પાકિસ્તાનીઓ ડિપોર્ટેશનની કાર્યવાહીમાં આ મહિલાને પાકિસ્તાન મોકલવામાં આવી હતી. જો કે, કોર્ટે માનવીય આધાર પર ચુકાદો આપતાં કેન્દ્ર સરકારને ૧૦ દિવસની અંદર મહિલાને પરત લાવવા આદેશ કર્યો છે. જમ્મુ-કાશ્મીરના બાર એન્ડ બેન્ચના જણાવ્યા અનુસાર, રક્ષાંદા રશિદને ભારતે પાકિસ્તાન ડિપોર્ટ કરી હતી. કેન્દ્ર સરકારના આ નિર્ણયને પડકારતાં ૩૦ એપ્રિલના રોજ રક્ષાંદા હાઈકોર્ટ પહોંચી હતી. ૩૮ વર્ષથી જમ્મુમાં પતિ અને બે બાળકો સાથે રહેતી રક્ષાંદા હાલ લાહોરની એક હોટલમાં રહેવા મજબૂર બની છે. કેન્દ્ર સરકારે આતંકી હુમલા બાદ પાકિસ્તાનીઓને ભારત છોડવા ફરજ પાડી હતી. જેમાં તે પાકિસ્તાનની વતની હોવાથી તેને પણ ડિપોર્ટ કરાઈ હતી.

# સુરતમાં શાળાની બેન્ચ કોલેજને આપતાં વાલીઓ ભડક્યાં



સુરતના લિંબાયત વિસ્તારમાં ઈશ્વર નગરની શાળામાં ચાલતી કોલેજને ભાઠેના ખાતે શિફ્ટ કરી દેવામાં આવી છે. જોકે, આ સરકારી કોલેજ માટે પાલિકાના શાળાઓના વિદ્યાર્થીઓની બેન્ચ ફાળવી દેવાના ઓર્ડર બાદ બેન્ચ લઈ જવાતા મોટો વિવાદ ઉભો થયો છે. સમિતિના વિદ્યાથીઓના ભોગે ફાળવી દેવાતા વિદ્યાર્થીઓને આ વરસાદમાં જમીન પર બેસવું પડતું હોવાથી વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. વિદ્યાર્થીઓ માટેની બેન્ચીસ વિદ્યાર્થીઓને જ ફાળવી દેવા માટેની પ્રબળ માંગણી થઈ રહી છે.

સુરતની પ્રજા લાંબા સમયથી સરકારી કોલેજની માંગણી પુરી કરવા માટે સરકારે મોટા ઉપાડે લિંબાયતમાં સરકારી કોલેજની જાહેરાત કરી હતી. જોકે, સરકારે જગ્યાની ફાળવણી કરી ન હોવાથી ભાજપ શાસકોએ સુરતના ભાવિ એવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ભોગે લિંબાયત ઈશ્વર નગરના એક કેમ્પસમાં આઠ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે શાળામાં કોલેજ માટે એક બે નહી પરંતુ ૧૫ ઓરડા ફાળવી દીધા હતા.

# ગુણા ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



વિપુલકુમાર બારીયા - દાહોદના દેવગઢ બારીયા તાલુકાના ગુણા ગ્રામ પંચાયત પદની ચૂંટણીમાં ગુલાબભાઈ સોમાભાઈ પટેલનો જંગી મતોથી વિજયી થતાં વિજયી સરપંચે સમસ્ત મતદારો અને ગ્રામજનોના સર્વાંગી વિકાસ માટે સદા તત્પર રહેશે તેમ જણાવી સૌનો આભાર માન્યો હતો.-અખંડ ભારત

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાને પગલે વડોદરામાં રથયાત્રા સાદગીથી યોજાશે



દર વર્ષે અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ભગવાન જગન્નાથ મંદિરની બહાર આવીને નગરયાત્રા કરી ભક્તોને દર્શન આપે છે. ગુજરાતની સૌથી મોટી રથયાત્રા અમદાવાદમાં યોજાય છે. પરંતુ, આ સિવાય વિવિધ જિલ્લાઓમાં પણ રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. વડોદરામાં પણ દર વર્ષે હર્ષોલ્લાસ સાથે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો અને શ્રદ્ધાળુઓ જોડાય છે. જોકે, આ વર્ષે વડોદરામાં સાદગીપૂર્ણ રીતે રથયાત્રાનું આયોજન કરવામાં આવશે. સાદગીપૂર્ણ નીકળશે રથયાત્રા મળતી માહિતી મુજબ, ૧૨ જૂને અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેનક્રેશ થતા દુર્ઘટના સર્જાઈ હતી.

જેમાં ૨૭૫ લોકો મોતને ભેટ્યા છે. હજું આ વાતનો મહિનો પણ પૂરો નથી થયો અને અનેક ઘરોમાં શોકની લાગણી છે.

જેથી લોકોની ભાવના અને સંવેદનાને માન આપતા તેમજ મોતને ભેટલા લોકોને શ્રદ્ધાંજલિના રૂપે આ વર્ષે વડોદરામાં પરંપરાગત રીતે નીકળતી રથયાત્રા સાદગીપૂર્ણ નીકળશે.

આ મહત્ત્વનો નિર્ણય ઈસ્કોન મંદિર દ્વારા લેવામાં આવ્યો છે.

# દોઢ કરોડની વ્હેલ માછલીની ઊલટી સાથે ૬ ઝડપાયા

તરતા સોના તરીકે ઓળખાતી વ્હેલ માછલીની ઊલટી (એમ્બરગ્રીસ) વધુ એક વાર ગુજરાતમાંથી ઝડપાઈ છે. વડોદરા શહેરના અટલાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એલસીબીએ ૧.૫૮ કરોડ રૂપિયાની વ્હેલ માછલીની ઊલટી સાથે છ શખસોને દબોચી લીધા છે. સ્પર્મ વ્હેલ માછલીની ઉલટીનો ઉપયોગ દવા અને પરફ્યૂમ બનાવવા માટે ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું છે.વ્હેલ માછલીની ઊલટીનું વેચાણ કરવા આવ્યા ને ઝડપાયાએલસીબી ઝોન-૨માં અનાર્મ હેડ કોન્સ્ટેબલ ભવદીપસિંહ ઘનશ્યામસિંહને પોતાના અંગત બાતમીદારથી બાતમી મળી હતી કે, બીલ કેનાલ પાસે આવેલ ધ માર્ક કોમ્પલેક્ષના ગ્રાઉન્ડમાં કેટલાક ઈસમો પોતાની પાસેની સ્વીફ્ટ ડીઝાયર કારમાં વ્હેલ માછલીની ઊલટી (એમ્બરગ્રીસ)નું વેચાણ કરે છે. જેના આધારે રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને એફેએસએલ અધીકારીઓને સાથે રાખી રેડ કરી હતી. પોલીસે આરોપીઓના કબજામાંથી વ્હેલ માછલીની ઊલટી જેની કિંમત ૧.૫૮ કરોડ રૂપિયા, ૬ મોબાઈલ ફોન અને એક કાર સહિત ૧.૬૫ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# બાયડની ૨૧ ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર



ત્રિલોક પંડ્યા - વરસાદી વાતાવરણ માં આજરોજ મત ગણતરી વાત્રક ખાતે આવેલ સરકારી વિનય કોલેજમાં સવાર ના ૮ વાગે મત ગણતરી યોજાઈ હતી જેમાં મત ગણતરી બેલેટ ધારા મત ગણતરી કરવામાં આવી હતી જેમાં ૨૧ ગ્રામ પંચાયત ના સરપંચો તેમજ સભ્યો વાત્રક ખાતે આવેલ મેદાન માં મોટી સંખ્યા માં જોવા મળ્યા હતા બાયડ મામલતદાર આર.કે.પટેલ.જણાવ્યું હતું હાલ ના ધોરણે ૪ વાગ્યા સુધી માં ૧૨ પંચાયતો ની ગણતરી પૂરી થઈ હતી

## વિજેતા સરપંચોની યાદી

ભુંડાસણ ગ્રામ પંચાયત - કોમલબેન પટેલ
જુનવાડા ગ્રામ પંચાયત - પ્રવિણસિંહ બાલુસિહ પરમાર
નેત્રોડિયા ગ્રામ પંચાયત - રજાકમિયાં દાઉદમિયાં સિપાઈ
રૂઘનાથપુર ગ્રામ પંચાયત - જુમનાબેન નરેન્દ્રસિંહ ચૌહાણ
વારેણા બોરટીંબા ગ્રામ પંચાયત -લીંબચીયા પ્રકાશકુમાર નાનાભાઈ
વજેપુરાકંપા ગ્રામ પંચાયત - દશરથસિંહ પ્રતાપસિંહ રાઠોડ
વાસણા મોટા ગ્રામ પંચાયત - વિક્રમસિંહ ફતેસિંહ પરમાર
વાંટડા કાવઠ ગ્રામ પંચાયત - સુરેશકુમાર મહેશકુમાર ઝાલા
અમરાપુર ગ્રામ પંચાયત - અમિતકુમાર ભલાભાઈ ખાંટ
બીબીપુરા ગ્રામ પંચાયત - જીતેન્દ્રભાઈ ભીખાભાઈ પરમાર
તાલોદ ગ્રામ પંચાયત - ગૌરાંગકુમાર વિનુભાઈ રાઠોડ
વાસણી રેલ ગ્રામ પંચાયત - ફુલસિહ

# બાયડ તાલુકામાં અત્યાર સુધીમાં ૯૬ એમ.એમ.વરસાદ નોધાયો



ત્રિલોક પંડ્યા - બાયડ તાલુકામાં જૂન માસમાં સૌથી ઓછો વરસાદ પડયો છે જેથી લોકોમાં ચિંતાનો વિષય બન્યો છે હાલ બાયડ તાલુકા માં નદી, તળાવો, તેમજ નદી હજુ નવા નીર આવ્યા નથી હજુ ખેતરો માં પાણી જોવા મળ્યા નહીં હાલ ના સંજોગો માં વરસાદ ઓછો પડતા લોકો ના ચેહરા ઉપર નિરાશ જોવા મળી હતી બાયડ તાલુકા માં સીઝન નો ૯૬ મિલી મીટર વરસાદ સરકારી આંકડા નોંધાવેલ છે.

બાયડ તાલુકા છેલ્લા ચાર દિવસ થી વીજળી ના કડાકા ભડાકા આકાશ માં જોવા મળ્યા છે પરંતુ વરસાદ સારો પડતો નથી બાયડ માં સારો વરસાદ પડે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.અખંડ ભારત

# અમેરિકાનો ઈરાન પર હુમલો નિષ્ફળ રહ્યો, US મીડિયાનું દાવો, ટ્રમ્પે રિપોર્ટ ખોટો કહ્યો.



અમેરિકન મીડિયા હાઉસ સીએનએન અને ન્યૂયોર્ક ટાઈમ્સે દાવો કર્યો છે કે ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલા પછી પણ તેનો પરમાણુ કાર્યક્રમ નાશ પામ્યો નથી.આ દાવો એક ગુપ્ત રિપોર્ટના આધારે કરવામાં આવ્યો છે.

આ રિપોર્ટ ઈરાન પરના હુમલા પછી તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં અમેરિકન હુમલાથી થયેલા નુકસાનનો અંદાજ લગાવવામાં આવ્યો છે.એક ગુપ્ત સૂત્રએ સીએનએનને જણાવ્યું હતું કે આ હુમલો ઈરાનના પરમાણુ કાર્યક્રમને ફક્ત થોડા મહિના પાછળ ધકેલી દેશે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે X પર પોસ્ટ કરીને આ દાવાઓને નકારી કાઢ્યા છે. તેમણે CNN અને NYT અહેવાલોને નકલી સમાચાર ગણાવ્યા છે.

૧૨ દિવસ પછી ઈઝરાયલે ઈરાનમાં યુદ્ધવિરામનો અમલ શરૂ કર્યોઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના ૧૨મા દિવસે મંગળવારે યુદ્ધવિરામ થયો હતો. બંને દેશોએ આ વાતની પુષ્ટિ કરી છે અને આ યુદ્ધમાં પોતાની જીતનો દાવો પણ કર્યો છે.ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે ઈઝરાયલે ઈરાન સામે ઐતિહાસિક જીત મેળવી છે, જે પેઢીઓ સુધી યાદ રહેશે. તેમણે કહ્યું - અમે સિંહની જેમ ઉભા થયા અને અમારી ગર્જનાએ તેહરાનને હચમચાવી નાખ્યું.બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે તેમનો દેશ પરમાણુ કાર્યક્રમ બંધ કરશે નહી. તેમણે કહ્યું - 'આ ટેકનોલોજી મેળવવા માટે અમે ખૂબ જ મહેનત કરી છે. અમારા વૈજ્ઞાનિકોએ બલિદાન આપ્યું છે.'ગઈકાલે ઈરાનની રાજધાની તેહરાનમાં પણ વિજય ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે સવારે ૩:૩૦ વાગ્યે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા બંને દેશો વચ્ચે યુદ્ધવિરામની માહિતી આપી હતી.

# ખંભાળીયા હોસ્પિટલની પ્રાંત અધિકારી એ મુલાકાત લીધી



ધનવંત વાયડા - જિલ્લા કલેકટર શ્રી રાજેશ તન્નાની સૂચના અન્વયે આજરોજ ખંભાળિયા પ્રાંત અધિકારી શ્રી કે.કે. કરમટા દ્વારા જનરલ હોસ્પિટલ - ખંભાળિયાની આકસ્મિક મુલાકાત લઈ તપાસણી કરવામાં આવી હતી.પ્રાંત અધિકારીશ્રીની તપાસણી દરમિયાન ડોકટર અને કર્મચારીઓની હોસ્પિટલમાં વારંવારની અનિયમિતતા, દર્દીઓને પડતી હાલાકી તેમજ સારવાર બાબતે તથા હોસ્પિટલમાં ગંદકી બાબતે જવાબદાર અધિકારી, ડોક્ટર તેમજ કર્મચારીઓને સ્થળ પર જ ખુલાસા પૂછવામાં આવ્યા હતા. તેમજ તમામ જવાબદારોને પરિણામલક્ષી સુધારા લાવવા કડક સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા કલેકટરશ્રીને હોસ્પિટલની તપાસણી અંગેનો વિગતવાર અહેવાલ કરી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમ સૂચવવામાં આવ્યું છે. - અખંડ ભારત

## દાંતીવાડા ગામ પંચાયતમાં સરપંચ પદે વિજેતા થયા

સંજીવકુમાર શર્મા - ખેડબ્રહ્મા તાલુકાના દાંતીવાડા ગામના સરપંચ પદે જયશ્રીબેન ધાર્મિકભાઈ વાળંદ જંગી બહુમતીથી વિજેતા થતાં વિજેતા મહિલા સરપંચને સ્થાનિકોએ શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# ભાવનગરના ધરાઈમાં સરપંચ ની ચૂંટણી થઈ



ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ધરાઈ ગામમાં સરપંચ ઉમેદવાર હર્ષાબેન હરેશભાઈ હડિયાનાઓ દ્વારા ધરાઈ ગામમાં કરેલ વિકાસ કાર્યોને ધ્યાને રાખી ગ્રામજનો દ્વારા ફરી એકવાર ૨૭૦ મતની લીડ થી વિજેતા થયેલ છે.

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ સાગબારામાં ૫ ઈંચથી વધુ નર્મદા-તાપીમાં રેડ એલર્ટ



ગુજરાતમાં ૧૫મી જૂને ચોમાસાનો પ્રવેશ થયા બાદ માત્ર ૧૦ દિવસમાં મેઘરાજાએ રાજ્યને કવર કરી લીધું છે. હવામાન વિભાગે આગામી સપ્તાહ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે દરિયાકાંઠે ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધીમાં નર્મદાના સાગબારા તાલુકામાં ૫.૦૪ ઈંચ, સુરતના ઉમરપાડામાં ૪.૮ ઈંચ અને તાપીના કુકરમુંડામાં ૪.૨૯ ઈંચ અને નર્મદાના ડેડિયાપાડામાં ૪.૨૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો વડોદરાના પાદરામાં બપોરે ૧૨થી ૨ વાગ્યા સુધીમાં બે કલાકમાં ૨.૩૬ ઈંચ વરસાદ પડ્યો છે.ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાજ્યમાં સરેરાશ ૨૦ ટકા વરસાદ વધુ વરસી ચૂક્યો છે. ગત વર્ષે રાજ્યમાં ચોમાસાનું વહેલું આગમન થયા બાદ પણ ૨૫ જૂન ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૪.૮૨ ટકા વરસાદ (૧.૬૭ ઈંચ) નોંધાયો હતો. તેની સામે આ વર્ષની વાત કરીએ તો, ૨૫ જૂન ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં સરેરાશ ૨૪.૨૫ ટકા વરસાદ (૮.૪૨ ઈંચ) નોંધાઈ ચૂક્યો છે. એટલે કે, ગત વર્ષની સરખામણીએ આજદિન સુધીમાં રાજ્યમાં સરેરાશ ૨૦ ટકા વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

# ઈડરીયા ગઢ ઉપર ઝરણાનો નજારો જોવા પર્યટકોનો ધસારો



કુંવરસિહ ચૌહાણ

ઈડરીયો ગઢ જ્યારે વાદળો સાથે વાતો કરે છે એવા રમણીય ગઢ ઈડર ના ડુંગર પરથી ચોમાસા દરમ્યાન વહેતા ઝરણાનો નજારો જોવા સ્થાનિકો,પ્રવાસીઓ ઉમટી પડી ધોધનો આહલાદક નજારો નિહાળી આનંદ માણતા જોવા મળી રહ્યા છે.-અખંડ ભારત

# વાંકાનેરમાં બે ઈંચ વરસાદ ખાબક્યો



કિશન ટાંક - સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર ચક્રવાતી પરિસંચરણ સહિત પરિબળોથી ગઈકાલે જામનગરના જોડિયામાં ૭.૫૦ ઈંચ, કાલાવડમાં ૫ ઈંચ અને જુનાગઢ જિ.ના મેંદરડામાં ૬ ઈંચ અને કેશોદ,વંથલીમાં પાંચથી સાડાપાંચ ઈંચ સહિત સમગ્ર સૌરાષ્ટ્રને મેઘરાજાએ ધમરોળ્યા બાદ આજે પણ અમુક સ્થળોએ વરસાદ જારી રહ્યો હતો. આજે રાત્રિના આઠ સુધીમાં વાંકાનેરમાં બપોર બાદ ૨થી ૪ ઈંચ સહિત સવા બે ઈંચ વરસાદ નોંધાયો છે તેમજ મોરબી, અમરેલી, જુનાગઢ, રાજકોટ, સોમનાથ, ભાવનગર સુરેન્દ્રનગર જિલ્લામાં અર્ધાથી બે ઈંચ વ્યાપક વરસાદ વરસવા સાથે સોમનાથ વેરાવળમાં ગત ચોવીસ કલાકમાં રાજયમાં સૌથી વધુ ૫૭ કિ.મી.ની ઝડપે પવન, મીની વાવાઝોડુ ફૂંકાયાનું નોંધાયું છે. સોમનાથ દાદાના દર્શનાર્થે ગુજરાતીઓ તેમજ પરપ્રાંતીય ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા ત્યારે સાંજના સમયે વરસાદની સાથે અતિ તીવ્ર પવન ફૂંકાવા સાથે દરિયો ગાંડોતૂર થયો હતો. વરસાદનું જોર એટલું હતું કે દર્શનાર્થીઓ મંદિરના વિશાળ પરિસરમાં વરસાદથી બચવા છત્રી સાચવવી મૂશ્કેલ પડતી હતી. ભાવિકોએ ભીજાતા શરીર સાથે ભોળાનાથના ભાવથી દર્શન કર્યા હતા. -અખંડ ભારત

# સામા પવને ય અનિરુદ્ધસિંહે રીબડાનું રાજ રાખ્યું, ગણેશ ગોંડલના ભાઈની સરપંચ ચૂંટણીમાં જીત

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં રાજકીય પક્ષોની પ્રત્યક્ષ કે પ્રતીક સ્વરૂપે ગેરહાજરી છતાં કેટલીક જગ્યાએ રસાકસી સર્જાતી હોય છે અને તેમાં કડવાશ પણ ભારોભાર ઉપજતી હોય છે. એવું જ એક ગામ એટલે ગોંડલ તાલુકાનું રિબડા, જે લાંબા સમયથી બાહુબલીઓના જંગના મેદાન તરીકે જાણીતું હતું. ત્યાં અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્ર સત્યજીતે સરપંચની ચૂંટણીમાં વિજય મેળવ્યો છે.રાજકોટની રીબડા ગ્રામપંચાયતની પેટાચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. રાજકોટની હોટ ગણાતી ગ્રામ પંચાયત પર અનિરુદ્ધસિંહ જાડેજાના પુત્ર સત્યજીતસિંહ જાડેજાની જીત થઈ છે. એક સભ્યની પેટાચૂંટણી યોજાઇ હતી. રીબડા ગામના વોર્ડ નંબર ૮ની પેટા ચૂંટણી યોજાઇ હતી. અનિરુદ્ધસિંહ જાડેજાના પિતા અને પૂર્વ ધારાસભ્ય મહિપતસિંહ જાડેજાના અવસાનથી આ સીટ ખાલી થઇ હતી. જેમાં સત્યજીતસિંહ જાડેજા ૭૭ મતથી વિજેતા બન્યા છે. જેમાં સામે હરીફ ઉમેદવાર રક્ષિત ખૂંટનો પરાજય થયો છે.

# આહવાની સરકારી માધ્યમિક શાળા ખાતે સંવિધાન હત્યા દિવસ નો કાર્યક્રમ યોજાયા




ધિસારામ ચૌધરી - ભારતીય લોકતંત્રનો કાળો અધ્યાય એટલે કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે, તા.૨૫મી જૂન 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે સંવિધાન અને લોકશાહીના મૂલ્યોના જતન માટે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત સરકારી માધ્યમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને 'સંવિધાન હત્યા દિવસ' કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે શ્રી વિજયભાઇ પટેલે જણાવ્યુ હતુ કે, ૧૯૭૫ની કટોકટી માત્ર એક રાજકીય નિર્ણય ન હતો, પરંતુ તે ભારતના સંવિધાન અને લોકશાહીના મૂલ્યો પર સીધો પ્રહાર હતો. તે સમયે દેશની આત્મા પર ઘા કરવામા આવ્યો હતો. ભારતનુ સંવિધાન, જે કરોડો ભારતીયોની આશાઓ અને આકાંક્ષાઓનુ પ્રતીક છે, તેને ક્ષણભર માટે બંધક બનાવી દેવામા આવ્યુ હતુ. કટોકટી દરમિયાન પ્રેસની સ્વતંત્રતા સંપૂર્ણપણે છીનવી લેવામાંલ આવી હતી. અખબારોમા શું છાપવુ અને શું ન છાપવુ, તે સરકાર નક્કી કરતી હતી. વિરોધ પક્ષના નેતાઓને કોઈ કારણ વગર જેલમા મોકલી દેવામા આવ્યા હતા.

લોકશાહીનો અવાજ દબાવી દેવામા આવ્યો હતો. નાગરિકોના મૂળભૂત અધિકારો, જે આપણા સંવિધાનનુ હૃદય છે, તેને સ્થગિત કરી દેવામા આવ્યા હતા.

-અખંડ ભારત

# ટાકાટુકા ખાતે સરપંચની ચુટણીમાં ભવ્ય જીત




કનુભાઈ પ્રજાપતિ - અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે મૂળ શિલાદ્રી ના વતની મહિલા ઉમેદવાર ખૂબ જ મોટી લીડ થી અસારી લક્ષ્મીબેન ભુરજીભાઈ વિજેતા થયા છે.સાથે સાથે તેમના પતિ અસારી ભુરજીભાઈ જીવાભાઈ વોર્ડ નંબર એકના સભ્ય તરીકે ખૂબ મોટી લીડ થી વિજેતા થયા છે. ત્યારબાદ અસારી સરલાબેન રમેશભાઈ વોર્ડ નંબર છ માં પણ વિજેતા થયા છે.

વિજેતા થનાર ત્રણેયને અનેક લોકોએ શુભેચ્છા પાઠવી છે. અખંડ ભારત

# કઠોદરામાં રાજ્ય શિક્ષણમંત્રીએ કામગીરીની સમીક્ષા કરી



જયેશ મકવાણા - જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે અને સાર્વત્રિક વરસાદના કારણે જનજીવને અસર અનુભવવી પડી રહી છે. આ પરિસ્થિતિના અનુસંધાનમાં રાજ્ય મંત્રી તથા કામરેજ વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કામરેજ વિસ્તારના સીમાડા ગામ, શ્યામધામ સંગના સોસાયટી તેમજ કઠોદરા ગામની રૂબરૂ મુલાકાત કરી હતી.શ્રી પાનશેરીયાએ સ્થાનિક તંત્રને જણાવ્યું હતું કે વરસાદી પાણીનો ભરાવો – વોટરલોગીગ જેવી સમસ્યાઓનો તાત્કાલિક નિવારણ થાય અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સામાન્ય જીવનશૈલી પુનઃસ્થાપિત થાય એ માટે કામગીરીમાં ઝડપી ગતિ લાવવામાં આવે.ગાંધીનગરથી પૂર્વે જ તેમણે સ્થિતિનું સતત મોનીટરીગ કર્યું હતું અને વરસાદી આફત સામે તંત્રને સંપૂર્ણ સતર્ક રહેવા તેમજ રાહત-બચાવના પગલાં ઝડપી અને અસરકારક રીતે અમલમાં મુકવા માટે જરૂરી સૂચનો તેમજ માર્ગદર્શન પણ આપ્યા છે. -અખંડ ભારત

# ભાવનગરમાં ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈ પોલીસનું ફૂટ પેટ્રોલિગ



પ્રકાશભાઈ - ભાવનગર શહેર માં ચાલીસમી રથયાત્રા ને હવે માત્ર ૨ દિવસ કરતા ઓછો સમય બાકી છે ત્યારે ભાવનગર પોલીસ દ્વારા બંદોબસ્તને આખરી તૈયારીના ભાગરૂપે શહેર માં કોઈ અનિચ્છનીય બનાવ ન બને જેને લઈ ત્રણ જિલ્લાઓ ની બોમ્બ સ્કોર્ડ ટીમ. સી.આઈ.એસ.એફ. ની એક કંપનીએ પણ મોરચો સાંભળ્યો છે.ભાવનગર સહિત અન્ય જિલ્લાઓના પોલીસ સ્ટાફ બંદોબસ્ત માં લાવવા આવેલ છે જે રથયાત્રા ના રૂટ પર ગોઠવવામાં આવશે.આ સાથે છ જેટલી ક્વિક રિસ્પોન્સ ટીમ પણ કાર્યરત રહશે.ભાવનગર પોલીસે ફૂટ પેટ્રોલિગ અને ફ્લેગમાર્ચ યોજી બંદોબસ્તની તૈયારી હાથ ધરી હતી.

- અખંડ ભારત

# જેતલસરમાં ગેરકાયદેસર ખનન મુદ્દે રજૂઆત



સંજય ચૌહાણ - જેતપુર શહેર નજીક આવેલ જેતલસર માં થઈ રહેલ ગેરકાયદેસર રીતે ખનન અને ખનીજ સંપતિની ચોરી મુદ્દે સ્થાનિક જાગૃત નાગરીક દ્વારા મામલતદારને લેખિતમાં રજૂઆત કરી ન્યાયિક તપાસ કરી ખનીજ ચોરી અટકાવવા રજૂઆત કરાઈ છે.-અખંડ ભારત

# છાછર ગામ પંચાયતમાં વોર્ડ નં -૪માં વિજેતા થયા

રાજેશ વળુ - કોડીનાર તાલુકાના ગામ છાછર ગામ પંચાયતના વોર્ડ નં-૪માં જયેશભાઈ મકવાણાનો ૨૦ મતે વિજયી થતાં તેમના કાર્યકરો અને ટેકેદારોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

-અખંડ ભારત

# જામદરા ગામ પંચાયતનું પરિણામ જાહેર



દશરથ સિંહ વણકર - દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના જામદરા ગ્રામ પંચાયતની યોજાયેલ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં તેમાં સરપંચ તરીકે નટવરભાઈ ભરતભાઈ તથા વોર્ડ નંબર એકના ઉમેદવાર મંજુલાબેન પ્રવીણભાઈ વણકરનો વિજય થતાં બંન્ને હોદ્દેદારોને સ્થાનિક ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી.- અખંડ ભારત

# કરમબેલ ગામ પંચાયતમાં વોર્ડ નં-૫માં વિજેતા થયા



ધોડી વિરેન્દ્રભાઈ :- ઉમરગામ તાલુકા ના કરમબેલે ગામપંચાયત ની યોજાયેલ ચૂંટણીમાં વોર્ડ નં-૫માંથી આનંદભાઈ શાહનો વિજય થતાં તેમને સર્વે મતદારોનો આ તબકકે આભાર માન્યો હતો.

-અખંડ ભારત

# નેત્રંગના મોવી થી કવચીયા સુધીના નેશનલ હાઇવે પર ઠેરઠેર ભૂવા



પ્રતિક પ્રજાપતિ - નેત્રંગના મોવી થી લઇ ને કવચીયા સુધીના આ નેશનલ હાઈવે રોડની ગત ચોમાસા બાદ કોઈ પણ જાતની મરામત કરાવવામાં નહી આવતા ચાલુ ચોમાસા ની સિઝનની શરૂઆત થતા જ ઠેરઠેર પડેલા ખાડાઓ વધુ ઉડા થતા આમ રાહદારીઓ થી લઇ ને વાહનચાલકો હેરાનપરેશાન થઇ રહ્યા છે. ઠેરઠેર ખાડાઓના સામ્રાજ્યના કારણે દિન પ્રતિદિન નાના મોટા અકસ્માતો બનતા રહેતા હોવાના કારણે સ્થાનિકોમા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.અંબાજી થી ઉમરગામ ને જોડતો રોડ કે જેને મીલેટરી રોડ તરીકે પણ ઓળખવામાં આવે છે.જે ૫૬ નંબરનો હાઈવે છે. અગાઉના વર્ષોમા આ રોડ નેશનલ હાઈવે વિભાગના તાબા હેઠળ હતો, અને હાલમા આ રોડ નો હવાલો નેશનલ હાઈવે ઓથોરેટી ઓફ ઈન્ડીયા હસ્તક છે.નેત્રંગ તાલુકાના મોવી થી લઈને કવચીયા સુધીના વિસ્તાર માંથી પસાર થતા આ રોડ પર રોજેરોજ ટુ વ્હીલ થી લઇ ને ભારદારી વાહનો થી ચોવીસ કલાક ઘમઘમતો રહે છે. આ રોડ પરથી રેતી વહન કરતા ભારેખમ હાઈવા ચાલકો ઓવરલોડ ભરી બેફામ દોડી રહ્યા છે.

ત્યારે એનએચએઆઇ વિભાગની રાજપીપલા ખાતેની કચેરીના તાબા હેઠળ આવતો મોવી થી લઇ ને કવચીયા સુધી કે તેથી વધુ વિસ્તારની જવાબદારી આ કચેરીની છે. ગત ચોમાસા બાદ ઉપરોક્ત ગ્રામ્ય વિસ્તાર માંથી પસાર થતા આ રોડ પર આજ દીન સુધી કોઈ પણ જાતની મરામત ની કામગીરી હાથ ધરવામાં આવી ના હોવાના કારણે ચાલુ ચોમાસ ની સિઝનમાં છેલ્લા બે દિવસ થી પડી રહેલા ભારે વરસાદ ના કારણે ઠેરઠેર ખાડાઓ થી ત્રાસ્ત પ્રજાજનો ભારે હાડમારીનો સામનો કરી રહ્યા હોઈ તાકીદે મરામત કરવામાં આવે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે. -અખંડ ભારત

# વાંટડા ગામમાં આઝાદી બાદ પ્રથમવાર નવરચિત પંચાયત ના સરપંચ બન્યા મહિલા



આર. જી. શર્મા - અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ છેવાડાના ગામમાં સરપંચ થયા કટારા મુન્નાબેન ઉમેશભાઈ. જેઓ ગામ વાટડા (દાવલી) તાલુકો મોડાસા જિલ્લો અરવલ્લી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજય થયા છે. આ વાટડા ગામની પ્રથમ ચૂંટણી હતી. ગામ લોકોનો ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો કારણકે દાવલી ગ્રામ પંચાયત થી અલગ પડી ને વાટડા ગામ ની પ્રથમ ચૂંટણી ના ઉમેદવાર કટારા મીનાબેન ઉમેશભાઈ વિજય થયા છે. પ્રથમ મહિલા સરપંચ બનવા બદલ અનેક લોકોએ અભિનંદન અને શુભકામના પાઠવી છે.

-અખંડ ભારત

# શિનોરમાં સાત ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર



સબ્બીર રાઠોડ -આજરોજ મતગણતરી શરૂ થતાં નીચે મુજબ સરપંચના ઉમેદવારો વિજેતા જાહેર ઘોષિત કરવામાં આવ્યા હતા, અવાખલ ગામે એકતાબેન યતીનભાઈ પટેલ, તેરસા ગામે પટેલ જયેશભાઈ નગીનભાઈ, મીઢોળ મુકામે વિનુભાઈ ઈશ્વરભાઈ રોહિત, માંડવા મુકામે સબીર શાહ દિવાન, બીથલી/દરીયાપુરા સોમાભાઈ ગોરધનભાઈ વસાવા અને મોટા કરાડા હંસાબેન સોમાભાઈ રાય. જેઓ તાલુકા પંચાયત પ્રમુખ અર્ચનાબેન વસંતભાઈ રાયના સાસુમા થાય છે. શિનોર તાલુકામાં થયેલ આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ ચિત્રમાં નહોતી, અને કોંગ્રેસ મિશ્રિત ભાજપ તથા અસલ ભાજપ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો. મીઢોળ ગામે તાજેતરમાં ભાજપ સંગઠનમાં મહામંત્રી બનેલા હિતેશ મગન ઠાકોર ના ઉમેદવાર હારી ગયા હતા, જ્યારે ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ સંજય ફોગટભાઈ પાટણવાડીયા ના ઉમેદવાર વિજેતા બન્યા હતા , તે જ પ્રમાણે આનંદી ગામે ભાજપના મહામંત્રી પટેલ ધર્મેશ નગીનભાઈ ના ઉમેદવાર હારી ગયા હતા, તેની સામે ભાજપ મંત્રી ચિરાયુ બીપીનભાઈ પટેલના ઉમેદવાર જીત્યા હતા. -અખંડ ભારત

# બિલમણા ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



વનરાજ વણજાર - દહેગામ તાલુકાના બિલમણા ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં સરપંચ તરીકે પરમાર બાલાજી રામાજી નો જંગી મતોથી વિજયી થતાં વિજયી સરપંચે સૌ ગ્રામજનોનો આભાર માન્યો હતો.-અખંડ ભારત

# ઉંટવાડા ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા

કિશન ઠાકોર - પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના ઊંટવાડા ગામની તાજેતરમાં યોજાયેલ ગામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ઠાકોર ધારશંગજી બાબુજી નો વિજય થતાં સ્થાનિક ગ્રામજનોએ નવનિયુક્ત સરપંચને શુભેચ્છા પાઠવી હતી.

-અખંડ ભારત

# ગુણામુવાડી ગામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



વિપુલકુમાર બારીયા - દાહોદના દેવગઢબારીયા તાલુકાના ગુણામુવાડી ગ્રામ પંચાયત ની ચૂંટણીમાં સરપંચ તરીકે રમેશભાઈ ભાવસિંગભાઈ બારીયાનો જંગી મતોથી વિજય થતાં વિજયી ઉમેદવાર રમેશભાઈ બારીયાએ સર્વે મતદારો અને ગ્રામજનોનો આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## જનસેવા ટ્રસ્ટ દ્વારા ચોપડા વિતરણ કરાયું



વિરેશ પરમાર - વિરમગામ, માંડલ, દેત્રોજ અને નળકાંઠા મતવિસ્તારના લોકપ્રિય અને શિક્ષણપ્રેમી ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ દ્વારા આજે વિરમગામ તાલુકાની ઝેઝરા પ્રાથમિક-હાઈસ્કૂલ, સૂરજગઢ, રૂપાવટી તેમજ માંડલ તાલુકાની રીબડી, શેર પ્રાથમિક-હાઈસ્કૂલ, રખિયાણા, નાના ઉભડા પ્રાથમિક-હાઈસ્કૂલ, સોલગામ પ્રાથમિક-હાઈસ્કૂલના ૧૫૬૯ વિદ્યાર્થીઓને ૭૫૧૨ ચોપડા વિતરણ કરવામાં આવ્યું - અખંડ ભારત

## ગહેલવાઘા ગ્રામ પંચાયતમાં સરપંચ પદે વિજેતા થયા



રમણભાઈ મોહનિયા - દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકાની ગહેલવાઘા ગ્રામ પંચાયત સરપંચ પદની ચૂંટણીમાં પારુભાઈ વરસીગ પલાસ નો ૫૩ મતે ભવ્ય વિજય થતાં વિજેતા સરપંચને ગામજનોએ શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## ગોપાલ ઈટાલિયાની જીતની ખુશીમાં હિમતનગરમાં ઉજવણી




કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આમ આદમી પાર્ટી સાબરકાંઠા જિલ્લાના સંગઠન દ્વારા હિંમતનગર ખાતે વિસાવદર વિધાનસભા ના આપના ઉમેદવાર ગોપાલભાઈ ઈટાલિયાની જંગી બહુમતીથી જીત હાંસિલ કરી હતી જેની ખુશી માં વિજય યાત્રા કાઢવામાં આવી હતી જેમાં ઢોલ નગારાં સાથે એસટી બસ ડેપો થી સિવિલ સર્કલ સુધી વિજય યાત્રા કાઢવામાં આવી આ યાત્રા માં સાબરકાંઠા જિલ્લા આમ આદમી પાર્ટી ના હોદ્દેદારો, અને કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.

- અખંડ ભારત

## કુનપાડ ગામ પંચાયતના સરપંચ પદે વિજેતા થયા



સુરેશ પરમાર - સાવલી તાલુકાની કુનપાડ ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં સરપંચ તરીકે પરમાર પ્રવિણભાઈ ચંદુભાઈ જંગી મતોથી વિજેતા થતાં વિજેતા નવનિયુક્ત સરપંચને સ્થાનિક આગેવાનો,ટેકેદારો,કાર્યકરો શુભેચ્છા પાઠવી હતી.- અખંડ

## ટોરડા ગ્રામ પંચાયતમાં વોર્ડ નં.૪માં વિજેતા થયા

અરવલ્લી જિલ્લાના ભિલોડાના ટોરડા ગ્રુપ ગ્રામ પંચાયત ની વોર્ડ નં - ૪ માં રાઠોડ મૂળસિંહ જેતસિંહ ૧૫૧ મતથી વિજય થવા બદલ તથા વોર્ડ નં - ૫ માં રાઠોડ હિતેન્દ્ર સિંહ બળવંત સિંહ ૧૦૮ મત મેળવી વિજયી થતાં ગામજનોએ બંન્ને વિજેતા ઉમેદવારને શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

## તોયણી ગ્રામ પંચાયતમાં સરપંચ પદે વિજેતા થયા



ગીરીશ બારીયા - સિંગવડ તાલુકાની માસી તોયણી ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે બારીઆ સુરેશભાઈ ધીરાભાઈ જંગી મતોથી વિજેતા થતાં વિજેતા નવનિયુક્ત સરપંચને સ્થાનિકો શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## લિંબડી પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું



અકબરભાઈ નુરાભાઈ - લીમડી તાલુકાના જાંબુ ગામે એલ એન્ડ ટી કંપની દ્વારા પિવાના પાણીની લાઈન નું કામ ભર ચોમાસે હાથ ધરાઈ રહ્યું છે.જે કામ અટકાવા માટે સ્થાનિક આગેવાનો દ્વારા જાણ અને રજૂઆત કરવા છતાં કામ બંધ નહી થતાં તળાવનો પાળો તૂટી જતાં ઉપરવાસમાં થયેલ વરસાદ ને કારણે તળાવ સહિત વરસાદના પાણી ખેત સિમાડામાં ફરી વળતો ચોમાસુ ખેતીપાક અને જમીનોના થયેલ ધોવાણ મુદ્દે લિંબડી પ્રાંત અધિકારીને સ્થાનિક ગ્રામજનો દ્વારા લેખિત આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.-અખંડ ભારત

## કનોડમાં પીવાના પાણીની સમસ્યાથી સ્થાનિકો પરેશાન

ડામોર સોનલ - ખાનપુર તાલુકાના કનોડ ગામમાં છેલ્લા દસ દિવસથી પીવાના પાણીની સમસ્યા ઉભી થતાં સ્થાનિકો બામરોડ ખાતે પાણી પુરવઠાના જવાબદાર કર્મચારીઓને રજૂઆત કરી આ મુદ્દે ત્વરીત નિરાકરણ લાવી પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવામાં આવે તેવી માંગ દોહારવી છે.-અખંડ ભારત

## ગુજરાતમાં ચોમાસાનો કહેરઃ અનેક વિસ્તારોમાં માર્ગો ધોવાયા



મોહસીન લુહાર - ગુજરાતમાં ચાલુ ચોમાસાએ હાહાકાર મચાવ્યો છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં માર્ગોને વ્યાપક નુકસાન થયું છે, જેને કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે અને સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા ના મંગળયાણા ગામ માં વરસાદના કારણે ધોવાયેલા એક માર્ગની ભયાવહ સ્થિતિ જોવા મળી રહી છે.આ મુખ્ય માર્ગ શહેરા થી મંગળયાણા અને વાઘજીપુર ને જોડે છે. રસ્તાનો મોટો હિસ્સો વચ્ચેથી તૂટી ગયો છે, અને ત્યાં એક મોટો ખાડો પડી ગયો છે, જે પાણી અને કાદવથી ભરેલો છે. આ માર્ગ સંપૂર્ણપણે અવરોધાઈ ગયો છે. વરસાદના કારણે પરિવહન વ્યવસ્થાને ગંભીર અસર થઈ છે અને આસપાસના લોકો માટે સલામતીના પ્રશ્ન પણ ઊભો થયો છે.-અખંડ ભારત

## સણોસરા ગ્રામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



ગિરીશભાઇ દાંગ્રી - રાજકોટ તાલુકાના સણોસરા ગામની યોજાયેલ ચૂંટણીમાં સરપંચ પદે નફીસાબેન શેરસીયાનો જંગી મતોથી વિજય થતાં નવનિયુક્ત સરપંચ અને તેમની ટીમનો સભ્યોને સ્થાનિકો શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

## ભાવનગરમાં સંવિધાન હત્યા દિનની ઉજવણી કરાઈ



વિકાસભાઈ ચોઈથાની - ભાવનગર ખાતે કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષની પૂર્ણતાના અવસરે "સંવિધાન હત્યા દિવસ"ની ઉજવણી કરવામાં આવી. આ તકે કટોકટી દરમ્યાન જેલવાસ ભોગવનાર મીસાવાસીઓનું પુષ્પગુચ્છ આપીને અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.આ વેળાએ ઉપસ્થિત મહાનુભવો અને નાગરિકો સાથે માન. મુખ્યમંત્રી શ્રી Bhupendra Patelનું જીવંત પ્રસારણ નિહાળ્યું.૨૫ જૂન ૧૯૭૫ ના રોજ દેશમાં અમલમાં મુકાયેલ આંતરીક કટોકટીની સ્થિતિમાં કાયદાનો દુરઉપયોગ કરીને તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા હજારો લોકો, સામાજિક કાર્યકરો, લોક નેતાઓ અને સામાન્ય નાગરિકોને જેલમાં નાંખવામાં આવ્યા હતા.-અખંડ ભારત

## સિંધી જનરલ પંચાયત યુવા વિંગ દ્વારા શુભેચ્છા મુલાકાત



નિલેશ પીજાની - ભાવનગર-બોટાદ ના સાંસદ અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાજી ના કાર્યાલય ખાતે સિંધી જનરલ પંચાયત યુવા વિંગ દ્વારા શુભેચ્છા મુલાકાત કરવામાં આવી અને સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલ સાહેબની મૂર્તિ અર્પણ કરેલ. આ સાથે સિંધી જનરલ પંચાયત યુવા વિંગ દ્વારા અત્યાર સુધી જે સેવા કાર્ય કર્યા છે તેના વિશે બેનશ્રી સાથે ચર્ચા વિચારણા કરાઈ હતી.-અખંડ ભારત

## શિણોલ પંથકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

રોનક પંડ્યા - અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા પંથક સહિત નવી શિણોલ વિસ્તારમાં અડધા કલાકની અંદર ત્રણેક ઈંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો સહિત જાહેર માર્ગો ઉપર પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા.કાચા સોના રૂપી વરસેલો વરસાદ થી ગામની પોસ્ટ ઓફિસમાં પણ પાણી ઘૂસી જવા પામ્યા હતા.વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી પ્રસરી હતી.- અખંડ ભારત

## ગુંદીયા ગ્રામ પંચાયતના સરપંચ પદે ચૂંટાયા



અતુલ પટેલ તલોદ તાલુકાના ગુંદીયા ગ્રામ પંચાયત સરપંચ તરીકે પુનમબેન ધીરેનભાઈ પટેલનો જંગી મતોથી વિજય થતાં તેમના ટેકેદારો,કાર્યકરો ગુલાલના રંગે રંગાઈ ઝૂમી ઉઠ્યા હતા.વિજેતા મહિલા સરપંચને શુભેચ્છા પાઠવી જીતનો જશ્ન મનાવ્યો હતો.-અખંડ ભારત

## રામપુરા ગામે ઘરોમાં વરસાદી પાણી ઘૂસ્યા



પૂજા વસાવા - બારડોલી તાલુકા પંથકમાં ખાબકેલા ભારે વરસાદને કારણે રામપુરા ગામના સ્થાનિક રહીશોના ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.વરસાદી પાણી જ્યાં સુધી ઓસરે નહી ત્યાં સુધી અન્યત્ર સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.-અખંડ ભારત































**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697